
# પંખ®

અંક ૫૫ | ઓક્ટોબર ૨૦૨૧

સ્વકેન્દ્રીથી સમકેન્દ્રી વિશ્વ તરફની ઉડાન



સહન હું તો કરી લઉં છું, ન સહેવાશે તમારાથી,
એ પાનું ફેરવી દેજો, જ્યાં મારી વારતા આવે.

– 'કામિલ' વટવા

## ❖ અમારો સંપર્ક અહીં કરો...

WhatsApp

https://wa.me/916355953355

Telegram

https://telegram.me/pankhemagazine

Gmail

pankhemagazine@gmail.com

## ❖ અમને અહીં Follow કરો...

Facebook

https://m.facebook.com/pankhemagazine

Instagram

https://www.instagram.com/pankhemagazine/

Telegram Channel

https://t.me/pankhemagazineofficial

Twitter

https://twitter.com/pankh_emagazine

YouTube

https://m.youtube.com/channel/UCakmCpwf4oF2ZICl-YPlVDg

## ❖ અમારા વિશે સંપૂર્ણ માહિતી અને જૂના અંકો...

Website

https://pankhmagazine.com/

● 'પંખ'ના પ્લેટફોર્મ પરથી ઓનલાઈન કે ઓફલાઈન પ્રકાશિત થતા કોઇપણ લખાણના વિચારો સર્જકના પોતાના છે. એ વિચાર સાથે ટીમ પંખના સભ્યો સહમત છે જ, એવું માની લેવું નહિ. આથી લખાણને લીધે કોઈ પણ વિવાદ ઉભો થાય તો એની જવાબદારી સંપૂર્ણપણે સર્જકની પોતાની રહેશે. 'પંખ' આમાં દરમિયાનગીરી કરવા બાધ્ય નથી.

● 'પંખ'ના પ્લેટફોર્મ પરથી ઓનલાઈન કે ઓફલાઈન કોઈ પણ પ્રકારે પ્રકાશિત સામગ્રીમાં મોટેભાગે સર્જકની પરવાનગીથી જ કૃતિ મુકવામાં આવે છે. ક્યારેક કોઈ સર્જકની પરવાનગી લીધા વગર એમની કોઈ કૃતિ કોઈપણ સ્વરૂપે મુકવામાં આવે તો એમાં અમારો એક જ શુભ આશય છે કે સર્જકના લખાણને બિરદાવવું અને ગુજરાતી ભાષા વાંચી શકતા મહત્તમ લોકો સુધી સર્જકોની કૃતિ પહોંચાડવી અને વધુને વધુ લોકોને ગુજરાતી ભાષામાં રસ લેતા કરવા.

● અમારું સ્પષ્ટપણે માનવું છે કે, કૃતિ લખાય જાય એ પછી લોકોની બની જાય છે. પણ એ સર્જવા માટે સર્જકે કરેલા શ્રમને યોગ્ય શ્રેય મળે, એ માટે કૃતિની સાથે એના સાચા સર્જકનું નામ જોડાય, એ અમારો મહત્તમ પ્રયાસ રહેશે.

● અત્રે, 'પંખ' કોઈ રાજકીય, સામાજિક કે ધાર્મિક વિચારધારા પ્રત્યે પક્ષપાત કરતું નથી. તદુપરાંત, 'પંખ' બિનવ્યવસાયિક ધોરણે કામ કરે છે અને અમારા માટે આ આર્થિક ઉપાર્જનનું સાધન નથી.

● ‘પંખ’ સંપૂર્ણપણે સાહિત્યિક હોવાનો દાવો કરતું નથી. આથી લાક્ષણિક ગુજરાતી સાહિત્યના બધા જ નિયમો પળાય, એ જરૂરી નથી. ‘પંખ’ ગુજરાતી મેગેઝીન છે, ગુજરાતી ભાષાનું મેગેઝીન નથી.

# સંપાદકની કલમે



## યાજ્ઞિક વઘાસિયા

## એકલતા

એકલતા હોય છે બરફ જેવી

નહીં બોલાયેલા હરફ જેવી

તમે જેવું રાખો છો વર્તન

– મારા તરફ

– એના જેવી

એકલતા –

મને પૂછશો નહીં એકલતાનો અર્થ :

અર્થ તો શબ્દને હોય છે....

....મારે માટે તમે શબ્દ નથી

મારે માટે તમે છો,

તમે નહીં બોલાયેલો હરફ

એકલતા હંમેશા હોય છે -

બરફ.

મારી પળેપળનાં દહન, વમળનાં વન... એકલતા!

– જગદીશ જોષી

ફ્રન્ટ કવરમાં બેઠેલી વ્યક્તિની એકલતાની મનોસ્થિતિનો જો આપણને આ



ફોટો જોઈને આછોપાતળો પણ અંદાજ ના આવે તો એ ફોટોગ્રાફરની કલાને અન્યાય કહેવાય! 'એકલા હોવું' અને 'એકલા પડી જવું'માં ઘણો ફરક છે.

એકલતાનો અર્થ શું? સ્થૂળ અર્થમાં, 'Loneliness' અને 'Aloneness' બન્નેનો અર્થ એક જ થાય છે - 'એકલતા'. પણ વ્યાપક રીતે જોઈએ તો એનો અર્થ એકદમ અલગ છે. Aloneness એ આપણી બાહ્ય સ્થિતિ છે અને Lonliness એ આંતરિક. આપણે એકલા ક્યાંક જવાનું થાય અથવા એકલા રહેવાનું થાય, ત્યારે આપણે Alone હોઈએ છીએ, Lonely નહીં. Lonelyનો અર્થ વ્યાપક પણ છે, અને ભયાવહ પણ. Aloneness કંટાળો પેદા કરી શકે. પણ Lonliness આગળ જતા Depression લાવી શકે.

મારા મતે એકલતા એ અંતરમનની એસિડિટી છે. ઘણી વ્યક્તિઓને એસિડિટી હોય, છતાં એમને જે છે, એ એસિડિટી જ છે, એ વિશે એમને ખુદને ખબર નથી હોતી. એ જ રીતે એકલતાનો અનુભવ થયા પછી પણ એના વિશેની પોતાની અજાણતા હોવાથી એમણે એ લેબલ નથી માર્યું હોતું. બની શકે કે, અંદરની એકલતા અને એકાંતને એમણે બહારના ઘોંઘાટ અને માસ્ક નીચે છુપાવી દીધી હોય. એવું પણ બની શકે કે એકલતા એ જ એમની ચોઇસ હોય.

એસિડિટીની જેમ એકલતાના પણ કારણો હોય જ છે, અને એ પણ મોટેભાગે નીવારી શકાય એવા જ હોય છે. પણ સાવચેતી અને તકેદારીના અભાવથી જીવવું મુશ્કેલ થઈ જાય છે. એસિડિટીની જેમ એકલતાના પણ કોમ્પ્લિકેશન્સ ઘણા હોય છે. બન્નેની અસર આપણી ભૂખ પર પડે છે. બન્ને રાત્રે ઉજાગરો કરાવે છે. બન્ને કિસ્સામાં આગળ જતા આમ જીવવું કાં તો આપણી આદત બની જાય છે અને છેલ્લે



Acceptance આવી જાય છે, કાં તો આગળ જતા ખુદ સાથે Battle કરાવે છે. તમને બીજી સામ્યતા મળે તો કહેજો જરૂર.

આ અંકથી કશ્યપ જોષી રોજબરોજ તમે જે ટેકનોલોજીના સંપર્કમાં આવો છો, એ વિશે ઊંડાણપૂર્વક વાતો કરશે, પોતાની નવી કોલમ 'TechDaily'માં. આવતા અંકથી પણ અમે નવી બે કોલમો સાથે આવીએ છીએ. બની શકે તો થોડા દિવસમાં 'દીપોત્સવી સ્પેશિયલ' નાનકડો અંક બનાવવો છે. આ અંકમાં 'Rewinding' કોલમમાં શ્રી ધૂમકેતુ દ્વારા લિખિત વાર્તા 'પૃથ્વી અને સ્વર્ગ' લીધેલ છે. કદાચ તમે શાળામાં ભણ્યા પણ હશો. અમે 'પંખ'માં દર મહિને રેગ્યુલર કોલમ લખી શકે, એવા લેખકોની શોધમાં છીએ. જો કોઈ લેખકમિત્ર ધ્યાનમાં હોય, તો કહેજો. આપને આ અંક કેવો લાગ્યો એ અમને જરૂર જણાવો. યોગ્ય લાગે તો સોશિયલ મીડિયામાં શેર પણ કરો. જોડાયેલા રહો.

સૌ વાચકમિત્રોને દીવાળી અને ગુજરાતી નવા વર્ષની અગાઉથી શુભેચ્છાઓ.

# જસ્ટ બે મિનિટ



ડૉ. રંજન જોષી

## સરપ્રાઈઝ



સુશીલાનો દરેક તહેવાર સાસરે જ થાય એવો વણલખ્યો નિયમ છેલ્લા પાંચ વર્ષથી ચાલ્યો આવતો હતો. આ વખતે દિવાળી પછી તરત ભાઈના લગ્ન હતા એટલે સુશીલાએ વેકેશન પડે કે તરત પિયર જવું ને ભાઈના લગ્નની તૈયારીઓ આરંભી દેવી એવું મનોમન વિચારી રાખ્યું હતું. બે'કવાર એણે અછડતો પ્રયત્ન કરતા કહ્યું હતું, "આ વખતે તો દિવાળીમાં હું ને ભઈલુ સાથે રંગોળી કરશું. આવતા વર્ષે ભલે ભાભી કરે." પણ તરત જ સુરેશે "તું તો અહીંની રંગોળી જ કરજે હોં. ત્યાં આ વખતેય ભઈલુ એકલો મેદાન સંભાળી લેશે." કહી વાતને હસી કાઢી હતી. ધીમે-ધીમે સુશીલા જાણે સાવ મૌન થઈ જવા લાગી. સુરેશ પણ ચુપકીદી તોડ્યા વિના વાંચવામાં મશગૂલ થઈ જતો. સુરેશને વાંચતો જોઈ પિતા રમાકાંતે કહ્યું, "વાંચતા તો આવડવું જ જોઈએ. પછી એ પુસ્તક હોય કે કોઈની આંખો કે કોઈનું મન." બીજા દિવસે સવારની ચા સાથે સુશીલાને એક સરપ્રાઈઝ પણ મળી. સુશીલા સરપ્રાઈઝનું કવર ફોડતા બોલી, "પિયર જવાની બે ટિકિટ?"

"હા, હું પણ આવું છું. મારેય વેકેશન જ છે ને સાળાના લગ્નમાં અણવરની પણ કંઈક જવાબદારી તો હોય ને!" સુશીલાની આંખો હરખથી છલકાઈ ગઈ.

# અંતરકેડી



## બંસરી જોષી

## ક્ષમા - વીરનું આભૂષણ




સફેદ ટોપી, સફેદ વસ્ત્રો, સફેદ કપડાઓની હંગામી દિવાલો, શિસ્તબદ્ધ કતારો...

"અરેરેરેરે... કોઈની શોકસભા નથી... દિયા.." અચાનક પાછળથી હળવો ધબ્બો મારી, પ્રિય સખી રીચા શર્માએ વિસ્મયની બારી બંધ કરી.

"તો આ આટલી ઝાકમઝોળ કોના સન્માનમાં?" દિયાએ એકીશ્વાસે પૂછ્યું.

"રીચા શર્મા રિપોર્ટીંગ મેડમ. પાટનગરના નવા ચૂંટાયેલા મુખ્યમંત્રી, અભિમાનીને શરમાવે એવી ઉદ્ધતાના સ્વામી શ્રી વિનીત શર્માના સ્વાગતમાં."

"ઓહો, તો એમ છે..." દિયાએ અચરજ પ્રગટ કરતા કહ્યું. કેમ કંઈ ખાસ અનુભવ રીચુ?

"જીહા મેડમ, હું આ વિનીત શર્માને ક્યારેય ક્ષમા નહી કરું". રોષ સાથે રીચા બબડી.

"અરે જરા વિગતે કહે તો કંઈક સમજાય" દિયાએ વહાલભર્યો હાથ રીચાના ખભે મૂક્યો.

જરા ફ્લેશબેકમાં જતી હોય એમ રીચા બોલવા માંડી,

"તું તો જાણે જ છે મારા પપ્પા, ધ ગ્રેટ રાજવર્ધન શર્મા. મારા વહાલા અને હંમેશા નમવાનું આપમેળે મન થાય એવા પ્રામાણિક, નિષ્ઠાવાન, કર્તવ્યપાલક, સતર્ક, માયાળુ, દયાળુ... શું કહું પપ્પા વિષે? ક્યારેક મને ખુદને થાય ભગવાને થોડી એક્સ્ટ્રા માટી ભરી હશે એમના સર્જન વખતે."

"હા જાણું છું. એમને શ્રેષ્ઠતા-પુરસ્કારથી નવાજેલા ત્યારે હું અને મારો પૂરો પરિવાર હાજર હતો. અંકલ ઇઝ અ ગ્રેટ હ્યુમન." દિયાએ વાતમાં સૂર પૂરાવતા કહ્યું.

"જીહા દિયા.. તને યાદ હશે કે પોતાને મળેલા શ્રેષ્ઠતા-પુરુસ્કારને એણે દાદાજીને એટલે કે એમના પ્રિય પિતાશ્રીને સમર્પિત કરી દીધેલો. મળેલો જશ કોઈ આટલી સરળતાથી કેવી રીતે વહાવી શકતું હશે? કદાચ એ આત્મગૌરવની ખરી વ્યાખ્યા કરી જાણે છે, સાચું કહું તો મને પણ ઘણી વાર અંકલની સંતુલિત જીવનશૈલીથી અચરજ થાય.." દિયાએ આશ્ચર્યનો ભાવ પ્રગટ કરતા કહ્યું;

"હા.. મને પણ... માય ડીયર બેસ્ટી. પપ્પાને હંમેશા આટલી ઊંચાઈ પર હોવા છતાં હંમેશા જમીન સાથે જોડાયેલા અનુભવ્યા છે. હમેશા એક માધ્યમ તરીકે વર્તતા જોયા છે." રીચુ બોલી.

"હા એમને બે શબ્દ બોલવાનું કહેલું શ્રેષ્ઠતાપુરુસ્કાર સ્વીકારતી વખતે ત્યારે કેટલું ટૂંકું પણ હ્રદયસ્પર્શી બોલેલા..." દિયા ઉત્સાહભેર બોલવા માંડી.

"આભાર અને પ્રણામ સૌને. હું જન્મ્યો રાજુ તરીકે. પણ 'રાજુ'થી 'રાજવર્ધન શર્મા' સુધીનું ઘડતર મારા પિતા અને માતાને કારણે છે. એમણે મને જીવનમૂલ્યો ના માત્ર સમજાવ્યા પણ જીવીને શીખવાડ્યા છે. મને સ્વયંને બેહતર બનતા રહેવાનું શિક્ષણ માતાએ પ્રીતિપૂર્વક ભોજન સાથે હમેશા પીરસ્યું છે. ને હું એમના સ્નેહથી પોષાતો ચાલ્યો અને જીવનમાં બળની પૂર્તિ થઇ, જ્યારે વિભા શુક્લા એ વિભા શર્મા બન્યા. જીવનસાથી 'શબ્દ' મટી 'ભાવસંબંધ' બન્યો. સોનામાં સુગંધ ભરાઈ અને પુત્રી રીચાએ ભાવપરિવાર પૂરો કર્યો. મને ફરજ-સન્મુખ કરનાર તમામ અધિકારીઓનો ખૂબ આભાર. આગળ પણ આમ જ સેવાભાવ દાખવીશ. આભાર."

"વાહ રે સખી શબ્દશ: યાદ છે તને તો..." રીચુ ખુશખુશાલ થઇ ગઈ પણ કઈંક યાદ આવતા એ અચાનક શાંત પડી ગઈ.

"શું થયું રીચુ?" દિયાએ ચિંતાપુર્વક પૂછ્યું.

"વિનીત શર્માની ઉદ્ધતાઈ યાદ આવી ગઈ".

"હા મને વિગતે કહે શું બન્યું હતું? તારી ઘ્રુણા શા માટે છે આ વિનીત શર્મા માટે?" દિયાએ અચરજસહ પૂછ્યું.

રીચુએ વાત માંડી.

શ્રેષ્ઠતા પુરુસ્કાર સમારોહના બીજા દિવસે પપ્પાને મંત્રીજીના રોજગાર અભિયાનના સમારોહમાં સિક્યોરિટીઇન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવાની હતી. ત્યારે વિનીત શર્માએ રાજકારણમાં જમાવટ કરવાનું શરુ કરેલું હજી. ઠાઠ અને દંભ વિનીત શર્માના આગવા પરિચયમાં મૂકી શકાય. મને બરાબર એની સ્મૃતિ છે જ્યારે મોટી સફેદ ચકચકતી ગાડીમાંથી મંત્રીજી ઉતર્યા હતા. એમના માટે એમના સહકાર્યકરોએ સ્વાગતમાર્ગ બનાવેલો.

ગરીબો હાથ જોડે, માથું ટેકવે, એ મનોમન મંત્રીજીને ગમતું. પણ ચેરીટીના નામે શાસન પર પકડ જમાવાની વૃતિ એમની બાજ નજરમાં પકડાઈ જતી.

લોકોના અભિવાદન જીલતા જીલતા મહોદય પસાર થઇ રહયા હતા. લોકો ધ્વજને હલાવી સામું અભિવાદન કરી રહયા હતા. પપ્પા, ધ ગ્રેટ ઊર્ફે 'રાજવર્ધન શર્મા સિક્યોરીટી ઇન્ચાર્જ'ની ડ્યૂટી પર હોવાથી બાજુમાં સુરક્ષિત અંતર સાથે ચાલી રહયા હતા. અચાનક અફડાતફડી મચી ને પબ્લિક નિયત્રંણની બહાર જવા લાગી. સ્વાગતમાર્ગને વાંસના થાંભલાઓથી શણગારેલો. લોકોની ધક્કામુકીમાં થાંભલાનું દોરડું પોલું થયું.

ઇન્સ્પેક્ટર રાજવર્ધને હંમેશની જેમ પોતાની સતર્ક નજરનો પરિચય આપતા થાંભલો મંત્રીજી પર પડે એ પહેલા મંત્રીજીને ધકકો મારીને પાડી દીધા અને વાંસના થાંભલાને ઝાલી લીધો. પબ્લિક વધુ અનિયંત્રિત થઇ. એક શિખાઉ કોન્સ્ટેબલે પરિસ્થિતિ નો તાગ મેળવ્યા વગર અચાનક હવામાં ગોળી ફાયર કરી દીધી. પછી તો પબ્લિક અફડાતફડીમાં આવી ગયી. મંત્રીજીનો ગુસ્સો સાતમાં આસમાને. કઈ ઝાઝું સમજ્યા વગર રોષપૂર્ણ નજરે પપ્પાને તાકી રહયા. પપ્પાનો આભાર માનવાના બદલે એમને પોતાના કાર્યક્રમની વધુ ચિંતા હતી. છતા પપ્પાએ પોતાના નિષ્ઠાવાન સ્વભાવનો પરિચય આપતા એમને સલામતીથી ગાડી તરફ પહોચાડી દીધા. કારમાં બડબડ કરતા મંત્રીજી રવાના થઇ ગયા.

એ પછી પપ્પાએ આખી રાત ફરજ પર રહી સઘળુ નિયંત્રિત કર્યું અને વહેલી સવારે ઘરે પહોચ્યા. મમ્મીએ ચિંતાવશ પૂછ્યું, "બધું હેમખેમને રાજ?" પપ્પાએ પાણી પીતા પીતા વિગતે વાત કરી. મમ્મીના આગ્રહથી પપ્પા થોડીવાર સૂવા લાંબા થયા. મારે અને મમ્મીને દાદાની ખબર કાઢવા દવાખાને જવાનું હતું. દાદાને રાત્રે હૃદયનો હળવો હુમલો આવેલો. દાદા-દાદી કાકા-કાકીના ઘરે રોકાવા ગયેલા હમેશની જેમ. થોડો સમય પપ્પા મમ્મી સાથે થોડો કાકા-કાકી સાથે પણ મમ્મી હમેશા પપ્પાની અડધોઅડધ જવાબદારી પોતાના સૂઝબૂઝભર્યા વ્યવહારથી સંભાળી લેતી.

હજી તો પપ્પાની આંખ મીચાઇ પણ નહોતી ત્યાં ડોરબેલ વાગી. પપ્પાએ દરવાજો ખોલ્યો. કુરિયરબોય એન્વેલપ સાથે ઉભો હતો. પપ્પાએ સાઈન કરી કાગળ લીધો, ખોલ્યો તો પપ્પાની આંખો ચાર થઇ ગઈ. મમ્મી અને હું પણ ચિંતામાં આવી ગયા. મમ્મીએ કાગળ હાથમાં લઈ

વાંચવાનું શરુ કર્યું. બદલીપત્ર..? વિસ્તાર લદ્દાખ..? મમ્મી ને હું અવાક થઇ ગયા. પપ્પાને તાગ આવી ગયો કે આ મંત્રીજીના કારણે જ મારી બદલી લદ્દાખના અંતરિયાળ ગામડામાં કરવામાં આવી છે.

પપ્પા ધારત તો વકીલ રોકી એ તુંડમિજાજી મંત્રી પર કેસ કરીને બદલી રોકવી શકે એમ હતા. પણ જાણે શંકર ભગવાને વિષને હલકમાં ભર્યું હતું એમ પપ્પાએ વાતને ગળે ઉતારી સામાન બાંધવાની તૈયારી કરવા કહ્યું.

મમ્મીએ કહ્યું: "આમ આટલો વ્યવહાર, પપ્પાજીની તબિયત, હોંશે હોંશે ખરીદેલો નવો ફ્લેટ આ બધું આમ જ પડતું મૂકીને કેમ ચાલુ રાજ?"

"બધું થઇ પડશે..."એટલો ટુંકો જવાબ વાળી થાણે બદલીપત્રના સ્વીકારની અરજી સાથે પહોંચી ગયા. બધા સબ-ઇન્સ્પેકર, કોન્સ્ટેબલને ભારોભાર દુઃખ લાગ્યું આ સમાચારથી. જે કોન્સ્ટેબલે ગોળી ફાયર કરેલી એણે પપ્પાની ખૂબ માફી માંગી પસ્તાવો પ્રગટ કર્યો. પપ્પાએ હળવી થાપ મારી એને માફ કર્યો અને કહ્યું, "મારી ગેરહાજરીમાં તમે શહેરનું ધ્યાન રાખજો અને પોતાની શ્રેષ્ઠ ફરજ નીભાવજો." એટલું કહી ભારે હ્રદયે પિતાની ખબર કાઢી વિગત જણાવી.

રાજવર્ધનના માતા-પિતાએ હમેશની જેમ દીકરાની કર્તવ્યપરાયણતાને બિરદાવી આશ્વાસન આપ્યું અને વિદાય આપી. પપ્પાએ દુઃખ વ્યક્ત કર્યું. "આવા સમયે તમને મૂકીને જવાનું મન નથી પિતાજી."

"બેટા ભાર ના રાખ... તારા પર ઈશ્વરની જુદી રહેમ છે. જ્યાં રહે ત્યાં હંમેશા તારી નિષ્ઠાનો આગવો પરિચય આપતો રહેજે." એટલું કહી સૌ ભારે હ્રદયે છુટ્ટા પડ્યા.

લદ્દાખના સાવ પછાત એવા અંતરિયાળ ગામમાં પપ્પાની બદલી થઇ હતી. ભાષાફેર, વર્તનફેર, રહેણીકરણી, ખોરાકથી માંડીને ઘણી નાનીમોટી મુશ્કેલીઓ વચ્ચે શર્મા પરિવાર અડગ રહ્યો. પોતાના માયાળુ સ્વભાવને કારણે થોડા સમયમાં જ તે ગામના વહાલા ઇન્સ્પેક્ટ સાહેબ બની ગયા. શબ્દોની ભાષાથી મોટી ભાષા એટલે આંખોની શુધ્ધ માયાળુ લાગણી. નિષ્ઠાનો ચમકાર અભણ પણ જોઈ શકે અને નિઃસ્વાર્થ સ્નેહની ભાષા પછાત વિના ભણે વાંચી શકે. એટલે જ પપ્પા ટૂંક સમયમાં ગામના લોકોમાં ભળી ગયા.

એક દિવસ શહેરથી પપ્પાને મળવા એમના મિત્ર આવ્યા. વર્ષોની મૈત્રી આને ફરજ પણ વર્ષોથી સાથે બજાવેલી એટલે પપ્પાએ ડીનર માટે આગ્રહ કર્યો. સૌ સાથે

જમ્યા. એમના મિત્રએ તેમના પિતાજીનો આશીર્વાદભર્યો પત્ર, નાનીમાંના લાડુ સાથે આપ્યો. વાતમાંથી વાત નીકળી તો અંકલે મંત્રીની વાત કરી. આજકાલ તે પોતાની દીકરી સાથે મળીને મુખ્યમંત્રીની પદવી સંભાળે છે. સૌ સુખપૂર્વક ભોજન કરી છુટા પડ્યા. પપ્પાને પણ  ભૂતકાળ તાજો થઇ આવ્યો.

બીજે દિવસે સવારે પપ્પા ડ્યુટી માટે નીકળતા હતા કે બે-ચાર માતાપિતા બાળકોને ખભે સુવાડી જઈ રહયા હતા. પપ્પાએ પૂછ્યું તો ખબર મળ્યા કે ગામડામાં કુપોષણ વધી રહ્યું છે. બાળકો ઝડપથી કુપોષણના શિકાર થઇ રહયા છે. મદદની અરજીઓ કરી. અરજીઓ સેવાસમિતિના અધ્યક્ષ સ્નેહા શર્માને પહોંચી. સ્નેહા શર્મા એટલે વિનીત શર્મા ઉર્ફે મુખ્યમંત્રીની સુપુત્રી. તેઓ પોતાની ટીમ લઇ સત્વરે ગામડે પહોંચ્યા. સાથે એમની નાની દીકરી પણ હતી. પપ્પાને ખબર મળ્યા. સ્નેહા શર્મા ગરીબોના પરિવારોને મળ્યા. પપ્પા સાથે હતા. વિસ્તારના જાણકાર અને ઇન્ચાર્જ હોવાને કારણે તે સાથે સાથે ચાલતા હતા.

અચાનક ફોન રણક્યો... "હા પિતાજી... બોલો.." સ્નેહા શર્માએ ઉતર વાળ્યો

"ક્યાં છો દીકરા?" મંત્રીજીએ પૂછ્યું

"લદ્દાખ.."

મુખ્યમંત્રીના કાન ચમકયા પૂછ્યું, "શું રાજવર્ધન શર્મા સિક્યોરીટી ઈન્ચાર્જ તરીકે સાથે છે તારી?"

મુખ્યમંત્રીજીનો ચહેરો પરસેવે રેબઝેબ થઈ રહ્યો હતો. “શું આ રાજવર્ધન મારી દુશ્મનાવટને મારી દીકરી પર તો નહી કાઢે ને?"- આવા વિચારોથી ગભરાયેલા સ્વરે એટલું જ બોલ્યા, "સંભાળજે... તારું ધ્યાન રાખજે સ્નેહા બેટા..."

સ્નેહા શર્માએ અચરજથી પૂછ્યું, "કેમ આમ ગભરાયેલા સ્વરે પૂછો છો?" મુખ્યમંત્રીજીએ બધી વિગતે વાત કરી, હવે સ્નેહા શર્મા પણ થોડા ઘભરાયા. વાતચીત પૂરી થતા તે આગળ ગભરાતા ગભરાતા ચાલતા હતા. પપ્પા વાત કળી ગયેલા. સ્નેહા શર્મા સાવ અંતરિયાળ વિસ્તારમાં દીકરી ને રાજવર્ધનની સાથે એકલા હતાં. વિસ્તાર ખાઈ વાળો હતો. માટી લપસણી. ફોન ફરી રણક્યો. સ્નેહા શર્માએ સ્પીકર પર રાખી દીધો. પિતાજીનો નંબર ફોન ઉપાડતા હતા, ત્યાં પગ લપસ્યો ને ગબડયા ખાઈ તરફ... ફોન માટીમાં. પપ્પાએ સ્ફૂર્તિથી સ્નેહા શર્માનો હાથ ઝાલી લીધો. એમની દીકરી રડારોળ કરવા લાગી. વિનીત શર્મા રઘવાયો. સ્પીકર ફોનથી એ ધીમું ધીમું

પણ ઘટના સાંભળી શકતો હતો. રાજવર્ધન આજ તો દુશ્મનાવટ કાઢશે જ એવો મનોમન વિચાર કરી રહ્યો હતો ત્યાં. એના કાને શબ્દો પડ્યા.

"સ્નેહાબેન ગભરાશો નહી...મારો હાથ છોડતા નહી...હિંમત રાખો...હું તમને જરૂર ઉપર ખેંચી લઈશ. બસ જરા પગથી ચડવાનો પ્રયત્ન કરો. પોતાનું પૂરું જોર લગાવી એમણે સ્નેહા શર્માને ખેચી લીધા. સ્નેહા શર્મા દીકરીને ગળે વળગી ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા. નાની એવી છોકરી પપ્પાના ગળે વળગી બોલી ઉઠી, "થેંક યુ અંકલ. તમે મમ્માને બચાવી લીધી." સ્નેહા શર્માએ ભોંઠપભર્યા સ્વરે આભાર માન્યો. ફરી એકવાર આવી વિકટ પરિસ્થિતિમાં પપ્પાએ પોતાની કર્તવ્યપરાયણતાનો પરિચય આપી હેમખેમ સ્નેહા શર્માને રવાના કર્યા.

"પત્રકારની જોબ છે મારી દિયા.. શહેર શહેર જવાનું થાય જાણતી નહોતી આજ આ વિનીત શર્માનો એહવાલ મારે લેવો પડશે." કડવાશથી રીચા બોલી.

ત્યાંતો બુલેટપ્રૂફ ગાડીઓની સાયરન વાગી. મુખ્યમંત્રીજી પધાર્યા. બિરાજ્યા. નામ પોકારાતા ભાષણ માટે ઉભા થયા.

રીચા અચાનક બોલી, "છોડ દિયા. ચાલ ઘરે જઈએ આવા અહંકારી મંત્રીનો કોઈ એહવાલ મારે નથી લેવો. પપ્પા સાથેની ગેરવર્તણૂકને હું કયારેય ભૂલી નહી શકું."

પણ દિયાએ કહ્યું, એટલે થોભી.

મંત્રીજીએ બોલવાનું શરુ કર્યું.

"પ્રિય નગરવાસીઓ આજે હું કોઈ ભાષણ આપવા નથી આવ્યો.. પણ મારી ઉદ્ધતાનો સ્વીકાર અને એક નિષ્ઠાવાન ઇન્સ્પેક્ટરની વાત કરવા આવ્યો છું. એને પૂરા સન્માન અને વિનમ્રતા સાથે આ શહેરને ફરી એમના મજબૂત રક્ષક હાથોમાં આપવા આવ્યો છું." રીચા તો અવાક બની ગઈ.

ભાષણ પૂરું થતા જ પૂરો વીડીઓ લઇ પપ્પા પાસે પહોંચી. પપ્પા મમ્મી પણ અવાક રહી ગયા.

રીચાએ અચરજથી પૂછ્યું. "પપ્પા આ હૃદયપરિવર્તન કેવી રીતે થયું! એ પણ આવા અહંકારી મંત્રીનું?"

પપ્પા બોલ્યા, "ક્ષમા અને માનવતા ઘણા સશક્ત હોય છે - હથિયારો કરતા પણ. વ્યવસાયે પોલીસ પણ ઘણીવાર માનવતા બતાવી પડે. નોકરીના જોખમે પણ ક્યારેક. માનવતા જોઉં કે એના ખરાબ સમયમાં કરેલી ભૂલને લીધે તેને સજા કરું. મેં માનવતાનો વિકલ્પ પસંદ કર્યો એક અહંકારીની ઉદ્ધતાઈને ક્ષમાથી વિના હથિયાર પરાસ્ત કરી. આખરે ક્ષમા ક્યારેય કોઈનું અકલ્યાણ નથી કરતી. ઉલટું એ તો






હૃદયપરિવર્તનનું માધ્યમ બની શકે છે. ક્ષમા તો આભૂષણ છે, જે દરેક વીરે ધારણ કરવું પડે."

ગટગટ અમૃત પીતી હોય એવું રીયાને અનુભવાયુ. ફરી આદર સાથે પપ્પા અને મમ્મીને વળગી પડી. રાજવર્ધન શર્મા ફરી પરિવાર સાથે સુખપૂર્વક શહેરમાં રહેવા લાગ્યા,અને વધુ નિષ્ઠાથી જીવન ઉજળું કરતા ચાલ્યા.

કેડીઓ તો કાંટાળી હોય જીવનમાં પણ જે અંતરાઆત્માની કેડીએ ચાલતો જાય એ ક્યારેય નિરાશ પાછો નથી વળતો. એ તો અન્યો માટે પણ પથદર્શક પૂરવાર થાય છે.



કશ્યપ જોષી

## FASTag

તમે સમાચારપત્રમાં વાંચ્યું જ હશે કે હવે મોટા વાહનો માટે ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૧ની મધ્યરાત્રિથી FASTag જરૂરી થઈ ગયું છે અને જો કોઈ વાહન FASTag વિહીન જણાશે તો વાહન ચાલક પાસેથી બેગણો ટોલ વસૂલ કરવામાં આવે છે. વર્તમાન સમયમાં મોટાભાગનાં વાહનોમાં FASTag ની સુવિધા જોવા મળે છે. FASTag ૨૦૧૬ દરમિયાન 'નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા(NPCI)' દ્વારા આપણા દેશમાં અસ્તિત્વમાં આવ્યું હતું. આ વસ્તુ સાથે આપણે રોજિંદા જીવનમાં રહેતા હોઈએ તો આપણને ખ્યાલ હોવો જોઈએ કે FASTag શાં માટે જરૂરી છે? અને તે કઈ રીતે કામ કરે છે?

- વર્તમાન સમયમાં FASTag ની જરૂરિયાત.


સામાન્ય રીતે આપણે જ્યારે ટોલનાકા પાસે ટોલ ટેક્સ ભરવા આપણું વાહન ઉભું રાખીએ છીએ ત્યારે મોટાભાગે વાહન ચાલુ રહે છે! જો ટોલની રકમ ચૂકવવામાં વિલંબ થાય તો તે સમય દરમ્યાન વાહન વધારે સમય ચાલુ રહે છે અને ઇંધણનો(પેટ્રોલ, ડીઝલ, CNG કે કોઈપણ) ઇરાદાપૂર્વક દુરુપયોગ થાય છે, તેને ટાળી શકાય છે પરંતુ તેના પ્રયત્નો થતાં નથી. પૈસાની આપ-લે કરવામાં અને બિલ એકત્રિત કરવામાં સમયનો બગાડ થાય છે અને જો ટ્રાફિક વધારે હોય તો વધારે સમય વ્યર્થ જાય છે. નોટબંધી બાદ મહત્તમ લોકો કેશલેસ નાણાં તરફ વળ્યા છે.. ડિજિટલ ઇન્ડિયાનું એક ધ્યેય છે કે ભારતને કેશલેસ અર્થતંત્રમાં રૂપાંતરિત કરવામાં આવે. કારણ કે તેનાથી ભ્રષ્ટાચાર ઓછો થશે. જો ટોલ ટેક્સ પણ કેશલેસ બનાવવામાં આવે તો આ ધ્યેય સિદ્ધ કરવા તરફ લોકો આગળ વધી શકે છે.




પ્રસ્તુત કારણોને ધ્યાનમાં રાખીને FASTagને મોટા વાહનો માટે જરૂરી બનાવવામાં આવ્યું છે અને તેના ઘણા ફાયદા છે! જેમકે, ટોલ ટેક્સ ભરવામાં ખૂબ ઓછો સમય લાગે છે, પૈસા સીધા ઑનલાઈન (ઇ)વૉલેટ માંથી વસૂલવામાં આવે છે, ઇંધણનો બચાવ થાય છે, ટોલનાકા પાસે જમા થતા ટ્રાફિક પાર મહદ અંશે નિયંત્રણ સાધી શકાય છે અને અમુક મોબાઇલ ફોન એપ્લિકેશન કેશબેક ઑફર્સ આપે છે, જેનાથી આપણા થોડા પૈસા પણ બચે છે.

મૂળભૂત રીતે FASTag, રેડિયો ફ્રિક્વન્સી આઇડેન્ટિફિકેશન(RFID) સિસ્ટમ પર આધારિત છે. આ ટેકનોલોજી ૩ કિલો હર્ટ્ઝ થી અમુક મેગા હર્ટ્ઝ સુધીની આવૃત્તિ(ફ્રિક્વન્સી) પર કામ કરે છે. આ ટેકનોલોજી સામાન્ય રીતે પદાર્થ કે વસ્તુની ઓળખ કરવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. આ ટેકનોલોજીનો ઉપયોગ મોલમાં વસ્તુઓની ઓળખ કરવા માટે, આઈડી-કાર્ડના માધ્યમથી વ્યક્તિની જાણકારી લેવા માટે, પુસ્તકાલયમાં પુસ્તકોની માહિતી પ્રાપ્ત કરવા માટે અને બીજી ઘણી બધી જગ્યાએ આ ટેકનોલોજીનો ઉપયોગ થાય છે. આવી જ રીતે ઘણી બધી જગ્યાએ બારકોડનો પણ ઉપયોગ થાય છે. પરંતુ બારકોડને સ્કેન કરવા માટે સ્કેનરને બારકોડની સામે જ રાખવું પડે છે. જયારે, RFIDમાં સ્કેનરને FASTag(RFID ટેગ) સામે રાખવાની કોઈ જરૂરિયાત નથી!

- RFIDની કાર્ય પદ્ધતિ




RFIDમાં બે વસ્તુઓનો સમાવેશ થાય છે.


1. RFID ટેગ
2. RFID રીડર

સૌપ્રથમ આપણે RFID ટેગ વિષે જાણીયે, તો આ ટેગ એ તમારું FASTag, કિચેન કે વસ્તુ સાથે લગાડેલું કાર્ડ હોઈ શકે છે. આ ટેગ સામાન્ય રીતે તે જે વસ્તુ સાથે જોડાયેલું હોય જેમ કે મોટર સાયકલ,

કિંમતી વસ્તુ, પુસ્તક, વગેરે. તેની માહિતીનો એક મેમરીમાં સંગ્રહ કરે છે. જો કાર હોય તો તેના FASTagમાં કારનો નંબર, તેના મલિકની માહિતી અને ઓનલાઇન વોલેટની માહિતી હોય છે અને જો કોઈ પુસ્તક સાથે આ ટેગ જોડેલું હોય તો તેમાં પુસ્તકનું નામ, તેની કિંમત, લેખકનું નામ અને પ્રકાશનનું નામ જેવી માહિતી સંગ્રહ પામેલી હોય છે. આ ટેગને જ્યારે રેડિયો ફ્રિક્વન્સીના તરંગો દ્વારા સિગ્નલ આપવામાં આવે છે, ત્યારે તે આ બધી માહિતીનાં સિગ્નલ પોતાની મેમરીમાંથી મેળવીને એન્ટેના મારફતે ઉત્સર્જિત કરે છે, જેનાથી માહિતી મેળવવા માટે ઇચ્છુક આ ઉત્સર્જિત થયેલા સિગ્નલ દ્વારા માહિતી પ્રાપ્ત કરી શકે.

હવે, નામ પરથી અને RFID ટેગની કાર્યશૈલી પરથી તમને RFID રીડરની કાર્ય પદ્ધતિનો થોડો ખ્યાલ તો આવી જ ગયો હશે! RFID રીડર ટેગ પાસેથી જે તે વસ્તુની માહિતી પ્રાપ્ત કરવા માટે સૌપ્રથમ એન્ટેના દ્વારા રેડિયો વેવ ઉત્સર્જિત કરે છે અને એ રેડિયો વેવ જયારે RFID ટેગ પ્રાપ્ત કરે ત્યારે તે તેની મેમરીમાં સંગ્રહિત થયેલી માહિતીને ટેગની અંદર રહેલું પ્રોસેસર બીજા રેડિયો-વેવ દ્વારા વાતાવરણમાં પ્રસારિત કરે છે અને તે વેવને RFID રીડર રિસિવર દ્વારા પ્રાપ્ત કરી અને જરૂરી માહિતી મેળવે છે.
(ઉપર દર્શાવેલી આકૃતિ RFIDમાં થતી સમગ્ર પ્રક્રિયાનું વર્ણન કરે છે.).

- FASTagની કાર્ય પદ્ધતિ



વાહન પર લગાડેલા FASTagમાં એક ચિપ હોય છે જેને RFID ટેગ કહે છે તેની અંદર વાહનને લગતી માહિતી અને નાણાં ઉપાડવા માટેની જરૂરી વિગતો હોય છે. તે માહિતી RFID રીડર, જે ટોલ પ્લાઝામાં થોડું ઉપરની બાજુએ લગાડેલું હોય છે, એના દ્વારા મેળવવામાં આવે છે અને પછી તેના પર પ્રક્રિયા કરી વાહનની માહિતી મેળવવામાં આવે છે જેમાં નીચેની વિગતોનો સમાવેશ થાય છે.

વ્હીકલ ક્લાસ, વ્હીકલ વેઇટ, FASTag ID,

વ્હીકલ રજીસ્ટ્રેશન નંબર, વ્હીલ બેઇઝ

આ બધી માહિતી RFID રીડર દ્વારા ટોલ પ્લાઝામાં રહેલા કોમ્પ્યુટરને મોકલવામાં આવે છે. પછી નાણાં ઉપાડવા માટેની પ્રક્રિયા શરૂ થાય છે. કોમ્પ્યુટર જરૂરી માહિતીને Acquirer બેંક(એ બેંક, જે ટોલ પ્લાઝાને કરવામાં આવેલા પેમેન્ટને સ્વીકારે છે)ને મોકલવામાં આવે છે અને FASTag ખરું છે કે નહિ તે જાણવા માટે Acquirer બેંક FASTagની માહિતી NETC(નેશનલ ઇલેક્ટ્રોનિક ટોલ કૉલેકશન) mapper કે જ્યાં તમામ FASTagની માહિતીનો સંગ્રહ કરવામાં આવે છે, ત્યાં મોકલે છે. જો ટેગ ખરું ન હોય તો NETC, Acquirer બેંકને જાણ કરે અને ટોલ પ્લાઝા પર પરિણામ મોકલે જેથી આગળ પ્રક્રિયા કરી શકાય. જો ટેગ ખરું હોય તો Acquirer બેંક કેટલી રકમ ઉપાડવાની છે તે ગણી અને NETC પાસે ડેબિટ રિક્વેસ્ટ મોકલે અને NETC આ રકમ Issuer બેંક(એ બેંક, કે જેની સર્વિસનો ઉપયોગ આપણે એટલે કે ગ્રાહક કરીએ છીએ)ને મોકલે છે. Issuer બેંક ઉપાડવાની રકમ વૉલેટ માંથી બાદ કરી અને ફરી NETCને જાણ કરે અને ત્યારબાદ NETC, Acquirer બેંકને જાણ કરી અને ટોલ પ્લાઝા પરનાં કોમ્પ્યુટરને જણાવશે કે જરૂરી ક્રિયા થઈ ચૂકી છે, ત્યારબાદ થોડા સમયમાં વાહનચાલકને વૉલેટ સ્ટેટ્સ મેસેજ આવશે અને ટોલ પ્લાઝાનું ફાટક ખુલ્લી જશે.

FASTagને લગતી સમગ્ર પ્રક્રિયાનું વર્ણન અહીં કરવામાં આવ્યું છે! પરંતુ હંમેશા એક વાત ધ્યાનમાં લેવી કે સ્કેનનીંગ થતા સમયે બે ગાડી વચ્ચેનું અંતર ઓછામાં ઓછું ચાર મીટર હોવું જોઈએ. જો એમ નહીં હોય તો બંને ગાડીના FASTag દ્વારા માહિતી મોકલવામાં આવશે અને તેની પ્રોસેસ કરવામાં સમસ્યા ઉભી થશે. અલગ-અલગ પ્રકારની ગાડી માટે અલગ-અલગ રંગના FASTag ઉપલબ્ધ છે જે નીચે પ્રમાણે છે.

| | |
|---|---|
| For Car, Jeep, Van, Etc. | VIOLET |
| For Mini Bus Or 2 Axle Light Vehicles | ORANGE |
| For 2 Axle Bus Or Trucks | GREEN |
| For 3 Axle Bus Or Trucks | YELLOW |
| For 4,5 Or 6 Axle Bus Or Trucks Cranes | PINK |
| 7 Or Above Axle Bus Or Trucks | SKYBLUE |
| For HCM(Heavy Constructions Machinery) Or EME(Earth Moving Machinery) And JCP. | BLACK |

# ટૂંકી વાર્તા



ઉમા પરમાર

## સાથ



"માફ કરજો કાકા, તમે ક્યા ઘરે કાયમ મદદરૂપ થવા આવો છો! એટલે આવી સલાહ મારા માટે તો આપવી રહેવા જ દો તો સારું!"

"અમી, ચૂપ કર, શું બોલે છે! કંઈ ભાન છે? કાકા સામે આમ બોલાય?" ભૂપતભાઇએ તરત જ અમીને ટોકી.

"ભલાઈનો તો જમાનો જ નથી." બોલીને મનુભાઈ ચાલવા લાગ્યા.

બે મહિનાથી સાસરેથી પિયર આવેલી અમી હવે પાછી જવાં નહોતી માંગતી. મધ્યમવર્ગીય પરિવારની દીકરી જ્યારે પાછી આવે અને સમાધાનની વાત અવગણી ડિવોર્સ લેવાં કહે ત્યારે માતા-પિતાની ઊંઘ હરામ થઈ જતી હોય છે. ભૂપતભાઇ અને મીનાબહેનની સાથે સંબંધીઓએ પણ અમીને સમજાવવામાં કોઈ કસર બાકી નહોતી રાખી.

"પપ્પા-મમ્મી, તમે લોકો સમજતાં કેમ નથી? રિતેશ મારાંથી ઓછું ભણેલો હોવા છતા તમને લોકોને બધું ગમ્યું હોવાને લીધે અને દહેજ ન લેવાની શરત કરી હોવાથી જ મેં લગ્ન માટે 'હા' કરી હતી. છતાં થોડાં જ દિવસમાં એનો અને પરિવારનો ખરો સ્વભાવ છતો થવાં લાગ્યો. હું એનાથી વધુ ભણી છું એ વાતે એનો અહમ ઘવાય છે ને એ રોજ કોઈ ને કોઈ બહાને મારી સાથે અપમાનજનક વ્યવહાર કરતો રહે છે. ઓછું હોય તેમ સાસુ-સસરા પણ એનો સાથ આપે ને આડકતરી રીતે દહેજની વાત મૂકતાં જ રહે છે."



"પણ બેટા, તું જ વિચાર કર, માયાનું પણ આવું થયું હતું અને હવે તું ...? લોકો તો બેટા તમારી જ વાત કરે ને કે દીકરીઓમાં ખોટ હશે ત્યારે ને?"

"પપ્પા..." અમીએ લગભગ ચીસ પાડી. "માયાના સાસરિયા લોકોએ આપેલાં ત્રાસનું ફળ માયાએ ભોગવ્યું અને છતાં તમે દીકરી વિશે આવું વિચારો છો? તમને મા-બાપ તરીકે વેદના નથી કોરી ખાતી? તમને એના જવાથી કોઈ જ ફર્ક નથી પડતો? હેં મમ્મી, તેં તો એને જન્મ આપેલો, મારા કરતા વધુ વ્હાલી હતી તને, તો તું કેમ ચૂપ રહી? તારું માતૃત્વ કેમ ન જાગ્યું? તમે જો જરા મક્કમ થઈ એને પડખે ઊભા રહ્યા હોત તો... એક વાત સમજી લો તમે, સમાજની બીકે, આબરુ જવાની બીકે તમે ધરાર માયાની ફરિયાદોની ઉપેક્ષા કરી હતી! એને તમારી હુંફની, મદદની ખૂબ જરૂર હતી. પણ... જવા દો. હું આ વાતનું પુનરાવર્તન મારી સાથે નહીં થવા દઉં. તમે સાથ નહીં આપો તો પણ હું કાલે એકલી વકીલ પાસે જઈશ."

રાતનો અંધકાર એક ઘેરાં ભાર સાથે મીનાબહેનની છાતી પર ઊતરી આવ્યો. આંખના ખૂણેથી આંસુની ધાર વહી નીકળી. ત્રણ વર્ષ પહેલાંની એ કાળમુખી રાત યાદ આવી જ્યારે સાસરિયાનાં ત્રાસ અને મા-બાપનો સાથ ન મળવાથી માયા મોતની નીંદરમાં પોઢી ગઈ હતી. એક છાનું ડૂસકું એમનાથી મૂકાઈ ગયું.

બીજાં દિવસે અમીની સાથે જવા માટે એનાં કરતાં પણ પહેલાં તૈયાર થઈ દરવાજે ઊભા રહી ગયા મીનાબહેન. અમી અહોભાવથી માની આંખોમાં મક્કમતાની સાથે માતૃત્વ છલકાતું જોઈ રહી!

# લૉકેશન



હીરલ વ્યાસ

રાતના ત્રણ વાગી ચુક્યા હતા. નવરાત્રીને લીધે રસ્તા પર વાહનોની અવરજવર ચાલુ હતી. રસ્તાના એક કિનારે અંદરની તરફ કોઇ 'બચાવો... બચાવો'ની બૂમો પાડતું હતું, પણ વાહનોના અને પાસેના પાર્ટી પ્લોટમાં ચાલતા ગરબાના અવાજમાં એ અવાજ બહાર આવતો ન હતો.

નવરાત્રીના પહેલા દિવસે જ અજાણ્યા પાંચ જણના ગ્રુપમાં સ્નેહા જોડાઈ હતી.


"Can I join your group? I am new to this place and don't know anyone. But don't want to miss the fun just for the sake of good company.", એક ગ્રુપ પાસે જઈ 'ગુડ' શબ્દ પર જરા વધારે ભાર દઈ સ્નેહા બોલી.

"Sure."

ગ્રુપમાં ત્રણ છોકરાઓ અને બે છોકરીનો હતી. ગ્રુપમાં જોડાઈ ત્યારે જ એક જણે 'મારી Pair' પણ થઈ ગઈ' - એમ કહી આંખ મારી હતી. પણ સ્નેહાને ગરબા રમવાની મઝા જતી કરવી નહોતી એટલે ગ્રુપમાં જોડાઇ ગઈ હતી. બે દિવસમાં તો ગ્રુપમાં હળીમળી ગઇ. પછી તો ફોન નંબર પણ એક્ષ્ચેન્જ કરી લીધા. રાત્રે કઈ થીમ પર ચણિયાચોળી પહેરવા, ગરબા પછી ક્યાં જઈશું બધુ જ ફોન પર નક્કી થવા લાગ્યુ. ચાર પાંચ દિવસમાં તો 'ન્યુ પ્લેસ' સ્નેહા માટે જાણીતું બની ગયું. નેન્સી અને નિહાર, કોમલ અને મિહિર, સ્નેહા અને સમીર એમ ખરેખર 'Pair' બની ગઈ હતી. ગરબા પૂરા થાય એટલે સમીર સ્નેહાને મૂકવા જતો. રસ્તામાં ઘર વિશે, ફેમિલિ વિશે, મિત્રો વિશે પ્રશ્નો થતાં અને સ્નેહા ભોળાભાવે જવાબ પણ આપતી. પશ્નો પૂછીને સમીર એને પારખી રહ્યો હતો, એ વાતથી સ્નેહા સાવ અજાણ હતી.

છેલ્લા દિવસે ગરબામાં દરરોજ કરતાં વધારે મોડુ થઈ ગયું. સમીર માટે પણ આજે લાસ્ટ ચાન્સ હતો. સમીરે બાઈક મુખ્ય રસ્તા પરથી અંદરની તરફ લીધું ત્યારે જ સ્નેહા સચેત થઈ ગઈ.

"આ કયો રસ્તો છે? તું ભૂલો તો નથી પડ્યો ને?", સ્નેહાએ પુછ્યું પણ ખરું.



"અરે ના, આ શોર્ટકટ છે. જલદી પહોંચી જવાશે.", એમ કહી સમીરે બાઈકની સ્પીડ સાવ ઓછી કરી દીધી.

"શું થયું? કેમ બાઈક અચાનક બંધ પડી ગયું?", સ્નેહાએ એક સામટાં પ્રશ્નો પૂછી લીધાં.

"Just chill. હું હમણાં ઠીક કરી દઈશ.", સ્નેહાનો ગભરાયેલો ચહેરો માપતાં સમીર બોલ્યો.

"અત્યારે કોઈ મિકેનિક પણ નહીં મળે. મારે રુમ પર જલ્દી પહોંચવું પડશે. પ્લીઝ જલદી કંઈક કર." સ્નેહા ઉતાવળે બોલી.

સ્નેહાએ ઝડપથી જાણીતા નંબર પર 'લૉકેશન' મોકલ્યું. ખબર હતી કે આ સાહસ કરવું કેટલું ખતરનાક હતું. પણ આ સિવાય સમીર સુધી પહોંચવાનો બીજો કોઈ રસ્તો પણ નહોતો.

"ઉતાવળ શું છે! જઈએ છીએ. જરા મઝા કરીને." સમીર સાવ નજીક આવી બોલ્યો.

સમીર કંઇ કરે એ પહેલાં જ સ્નેહાએ પોતાની ટ્રેનિંગના બધા દાવ સમીર પર અજમાવી દીધા. અધમૂઆ થયેલા સમીરને પોલીસવૅનની સાઈરન સંભળાઈ.

“Are you alright madam? I hope we are on time.” એક લેડી પોલીસ સ્નેહાને પૂછી રહી હતી.

સ્નેહા સેલ્ફ ડિફેન્સ કેવી રીતે કરી શકી અને પોલીસ કેવી રીતે પહોંચી એ સમજતાં સમીરને વાર લાગી. પોલીસે બાઈકની ચાવી લઈ લીધી. બોચી પકડી સમીરને ઊભો કર્યો અને પોલીસવૅનમાં બેસાડ્યો.

"મજા પડીને અહીં આખી રાત?"

ઇન્સપેક્ટર સ્નેહાને જોઈ જેલમાં બેઠેલા સમીરને પરસેવો વળી ગયો. ગયા વર્ષે નવરાત્રીમાં થયેલો 'ત્રિશા રેપ એન્ડ મર્ડર' કેસ હવે આગળ વધશે એવી સ્નેહાને ખાતરી થઈ ગઈ.



**તેજલ શાહ**

# વાર્તા-સેતુ

## ઝોલા ખાતો માણસ

આજે વાર્તા લઈશું. 'ઝોલા ખાતો માણસ'. લેખક છે હરીશ નાગ્રેચા.

એમણે વાર્તા અદ્ભૂત રીતે ગૂંથી છે. પરિપક્વ અને ઉદાત્ત વિચારસરણી ધરાવતા લેખકનો પરિચય વાર્તામાં આવતી નીચેની પંક્તિઓ દ્વારા મળે છે.

"સાસરે સુખ હશે એમ માનવું મૃગજળ પીવા જેવું છે. સાસરે સુખ નહીં સ્વામી મળે ને જ્યાં સ્વામીત્વ હોય ત્યાં સુખ કેવું?"

વળી લખે છે, "સલામતી, સુરક્ષાની ધાસ્તીમાં પંખી જો બચ્ચાંને ઊડતાં ન શીખવે, આકાશનો વૈભવ માણવાના અવસરથી બચ્ચાંને વંચિત રાખે તો એમ કરવાનો એને હક્ક ખરો?"

વાત હવે વાર્તાની. વાર્તાનાયક યશવર્ધનની એકવીસમી નવલકથા, 'ફીણ જેવા માણસો'નું પ્રકાશન થવાનું છે. 'અસ્મિતા'ના તંત્રી જયમલ મોદીએ ઇન્ટરવ્યૂ છાપવાનો નિર્ણય કર્યો. એ માટે પત્રકાર કામ્યા યશવર્ધનને ઘરે જાય છે. એમનું મિડિયોકર રેટિંગ જાણી એમની નવલકથા વાંચતી નથી. એને તો બસ ઈન્ટરવ્યૂ પૂરો કરવાની ઉતાવળ છે. જર્જરિત ઘરની વચ્ચે બેઠેલાં સર્જક એને કઠ્યા. ઇન્ટરવ્યૂ અને ટેપરેકોર્ડર બંને શરૂ કરવામાં આવ્યાં.

'ચિ.........ન્મ......યી!' - અનાયાસે સરી પડેલા ઉદ્ગાર સાથે એ અંતર્મુખ થઈ ગયા. મોં ખુલ્લું રહી ગયું. હોઠ પરથી લાળ સરી પડી.એ અચાનક ઝોલે ચઢી ગયા. કામ્યાને ગમ્યું નહીં. થોડીવાર થયેલી વાતચીત પરથી એને એટલો તો ખ્યાલ આવી જ ગયેલો કે આ માણસ સાવ મિડિયોકર ન હોઈ શકે. જે સહજતાથી એ પોતાની નિષ્ફળતાની, આંતરિક ભયની અને પોતાની મર્યાદાની વાત કરતા હતા, એનાથી કામ્યા અભિભૂત થઈ ગઈ હતી. એને થયું આ વ્યક્તિ પાસે નિજી દર્શન છે. પણ આ સુપ્રા-ફટિંગ-સિન્ડ્રોમના દર્દી સાથે વાત કરવી અને કઢાવવી કેવી રીતે?

ઘણી મથામણ પછી કામ્યાને સત્ય હાથ લાગ્યું. ચિન્મયી એટલે યશવર્ધનની દીકરી. કામ્યા સમજી. સર ઝોલે નહતા ચઢ્યા, ચિનુ પાસે હતા.

વાત પાછી શરૂ થઈ ત્યારે કામ્યાએ પૂછ્યું સર, "તમને જીવનમાં કોઈ ખોટ સાલે છે?”

"હા. ચિનુની. સિત્તેર વર્ષે આજેય એના ભણકારા અનુભવું છું. હું એની જોડે વાત કરતો હોઉં છું. ચિનુ જોડે મને વાત કરવી ગમે છે. ચિનુ મારી રાહત છે. ગાઉનની જેમ મારું શર્ટ પહેરીને પાંચેક વર્ષની ઘરમાં અલપઝલપ સંતાતી ફરતી દેખાય. ઘણી વખત એવું બને, કલમ અટકી જાય. આગળ કંઈ ન સૂઝે, સૂઝે તો ગમે નહીં. આવા રાઈટર્સ-બ્લોકની સ્થિતિમાં બેઠો હોઉં ત્યારે, પોપ્સી, કરતી ઓચિંતી ડોકાય. 'હું લખું,- હું લખું' કરતી ખોળામાં ગોઠવાઈ જઈ મારા અડધા લખેલા કાગળ પર બે - ચાર લીટા દોરી, થઈ ગયું, કહી રમવા દોડી જાય. મારો બ્લોક તૂટી જાય. કયારેક રમતી રમતી એકાએક એની રતુંબડી હથેળી ધરી સામે ઊભેલી દેખાય. મારે એ હથેળીમાં વિના કારણ ઈનામ રૂપે હબુંકિયાં કરતાં બોકી ભરવાની, પછી એ મોતી પકડયું હોય એમ મૂઠ્ઠી વાળીને દોડી જાય. મોટી થયા પછી એ કામ પર જતી રહી હોય. જતા પહેલાં ટેબલ વ્યવસ્થિત થઈ ગયું હોય. મારી કૃતિ વિશે ટિપ્પણી લખી હોય. સુંદર હોય તો પોસ્ટ કરી દેજો એવો હુકમ કરતી ગઈ હોય. મારી પાકકી સહિયર છે ચિનુ."

કામ્યા પૂછે છે,"તો છે કયાં તમારી સહિયર?"

"ચિ......નુ!......"

યશવર્ધન પાછા ઝોલે ચઢી જાય એ પહેલા કામ્યા ઈન્ટરવ્યૂ આટોપીને ત્યાંથી નીકળી ગઈ. જોઈતી માહિતી એણે ભેગી કરી લીધી હતી.

અસ્મિતાનો અંક પ્રગટ થયો. જયમલ મોદી અભિનંદનના કૉલ્સ લેતો ફંગોળાતો હતો. અચાનક સામે છેડે કોઈ ગુસ્સામાં બોલતું સંભળાયું. યશવર્ધનનો ભાઈ હતો. એ બદનક્ષીનો દાવો માંડશે એવું કહેતો હતો.. ઈન્ટરવ્યૂ સદંતર ખોટો અને તથ્યહીન છાપ્યો હોવાનો એણે આક્ષેપ મૂકેલો. કારણ કે યશવર્ધન બેચરલ હતો, અન-મેરિડ હતો. તો ચિનુ આવી ક્યાંથી?

જયમલ, કામ્યાને ઈન્ટરવ્યૂ ફેબ્રીકેટ કરવા માટે ધમકાવે છે.

કામ્યા પાસે રેકોર્ડિંગ છે. યશવર્ધનના પોતાના અવાજમાં! છતાં એ ઝોલે ચઢી છે, માફીપત્ર અને રાજીનામાની વચ્ચે! સાથે લેખકે આપણનેય ઝોલે ચઢાવ્યાં છે નહીં? સત્યની ખોજમાં! વાર્તા આખી વાંચજો ને ઝોલામાંથી જાગ્યા કે નહીં, એ જણાવજો.

આપના પ્રતિભાવ tejnikalme@gmail.com પર અવશ્ય મોકલશો.

# તમને મળ્યાનું યાદ



રાજુલ ભાનુશાલી

**ગુલમહોરમાંથી ટપકતાં સંતૂરના રાગ જેવી છું.**

મારી સ્પર્ધા
મારી ગઈકાલ અને આવતીકાલ સાથે હોય.
ગઈકાલના અધૂરા સપના,
આવતીકાલના અપૂરા સપના,
એક પોટલીમાં બાંધીને
બસ ભાગ્યા કરું છું,
હા,
શ્રમનો સૂરજ આકરો લાગે
ક્યારેક થાક પણ લાગે
ક્યારેક રસ્તો લાંબો લાગે
ક્યારેક કશે વિસામાની પણ જરૂર લાગે
પણ,
જ્યારે એ સપનાઓને હકીકત સ્વરૂપે જોઉંને
ત્યારે સમજાય કે,
જીતુ છું. હું રોજેરોજ જીતુ છું.
~ ડૉ. અર્ચના પટેલ

જો તમને પોતાની ઓકાત ખબર નહીં હોય તો દિવસભરમાં એવા અગણિત લોકો મળશે કે જેમના જીવનનો એકમાત્ર ઉદ્દેશ્ય તમને તમારી ઓકાત જતાવવાનો રહેશે. આમ તો આ 'ઓકાત' બહુ જ પર્સનલ બાબત છે; પણ પર્સનલ બાબતો જ સૌથી વધુ સાર્વજનિક ગણાતી હોય છે.

મા કાયમ કહેતી કે આ છોકરી નથી ઘુઘરીવાળા ઝાંઝર પહેરીને વહેતી હવા છે. પપ્પા કહેતા કે કોઈ સૂરમઈ સાંજના આકાશમાંથી ઉતરતી ચાંદનીનું ગીત છે. વરસાદ બંધ થઈ ગયા પછી પણ ગુલમહોરમાંથી ટપટપ ટપકતાં સંતૂરના રાગ જેવી હું પડતીઆખડતી ને ફરી ઊઠીને દોડ્યા કરતી. એ શબ્દો નાનપણથી જ દિમાગમાં બરાબર ઘર કરી ગયા હતા. તે વખતે જ સમજાઈ ગયું હતું કે આપણે ઈચ્છીએ તો પથ્થર પર પાટુ મારીને પાણી કાઢી શકીએ એવા સક્ષમ છીએ. પણ પછી મમ્મીપપ્પાને ઈશ્વરે બહુ જ જલ્દી પોતાની પાસે બોલાવી લીધાં અને પાછળ રહી ગઈ હું. નાનકડી હું.. અને.. મારી આંખોમાં ઘુઘવાતો સમુદ્ર. દુઃખનો સમુદ્ર, લાચારીનો સમુદ્ર, સાવ પરવશતાનો સમુદ્ર. નિર્જીવ સમુદ્ર. જેને હ્રદય નથી હોતું. ધબકારાં નથી હોતા. શ્વાસ-ઉચ્છવાસ નથી હોતા. એ સમુદ્ર વર્ષો સુધી એમ જ કિનારા સાથે અથડાતો રહ્યો. કુટાતો રહ્યો.

ક્યારેક આ નિર્જીવ સમુદ્ર ચીસો પાડીપાડીને બોલવતો ત્યારે હું ભરઉંઘમાં ડરી જતી. ભરતીઓટ  મારી અંદર વધુ ને વધુ ઊંડે ઉતરતાં જતાં હતાં કે પછી હું ભરતીઓટની અંદર વધુ ને વધુ ઊંડે ઉતરતી જતી હતી. અંદર શૂન્યતા હતી. ભેંકાર શૂન્યતા. હું ઉપર આવવાનો મરણિયો પ્રયાસ કરું છું ને મારી હાથમાં કોઈ દૂરની ગેલેક્સીના તારાની પૂછડી આવી જાય છે અને હુ એ પકડી લઉં છું. પરંતુ કિનારા પર કીચડ છે, નકરું કીચડ. પગ ટેકવવા માટે એક સેંટીમીટર જેટલીય જગ્યા નથી. અચાનક મારા પગમાં એ નિરઈવ સમુદ્રની અસંખ્ય કહેરો વીંટળાઈ વળે છે. એ દરેક લહેર પર કોઈક ને કોઈક શબ્દ કંડારેલોહતો. કોઈ પર ગુલમહોર, તો કોઈ પર ઘુઘરી. કોઈ પર હવા તો કોઈ પર ચાંદની. કોઈ પર કોઈ પર સંતુર તો કોઈ પર..

***

મને સપના જોવા ગમે છે. ગઈકાલના અધૂરા સપના, આવતીકાલના અપૂરા સપના એક પોટલીમાં બાંધીને બસ ભાગ્યા કરું છું, હા, શ્રમનો સૂરજ આકરો લાગે છે. ક્યારેક થાક પણ લાગે, ક્યારેક રસ્તો લાંબો લાગે, ક્યારેક કશે વિસામાની જરૂર લાગે. પણ, જ્યારે એ સપનાઓને હકીકત સ્વરૂપે જોઉંને ત્યારે સમજાય કે હું જીતું છું. રોજેરોજ જીતું છું. મારી સ્પર્ધા મારી ગઈકાલ અને આવતીકાલ સાથે હોય અને હું જીતું છું. રોજેરોજ જીતું છું અને જીવું પણ છું. હા, ઘુઘરીવાળા ઝાંઝર પહેરીને વહેતી હવા જેવી નથી. સૂરમઈ સાંજના આકાશમાંથી ઉતરતી ચાંદનીના ગીત જેવી તો બિલકુલ નથી! વરસાદ બંધ થઈ ગયા પછી પણ ગુલમહોરમાંથી ટપટપ ટપકતાં સંતૂરના રાગ જેવી છું. પડું છું, આખડું છું ને ફરી ઊઠીને દોડવા લાગું છું. હું સક્ષમ છું અને મને મારી ઓકાત બરાબર ખબર છે!

મુંબઈના કવયિત્રી ડૉ. અર્ચના પટેલ વ્યવસાયે ડોક્ટર છે. દર્દી અને દવાની વચ્ચે રચ્યાંપચ્યાં રહેતાં અર્ચનાબહેનને કવિતા સાથે લગાવ છે. તેઓ સરસ મજાની ગઝલો અને અછાંદસ લખે છે. હજુ થોડાક દિવસ પહેલાં જ એમનો 'અજવાળાં કરી લેજો' નામે કાવ્ય સંગ્રહ પ્રકાશિત થયો છે. સાહિત્ય પ્રત્યેના લગાવથી પ્રેરાઈને અર્ચનાબહેન હાલમાં જ ગુજરાતી સાહિત્ય સાથે એમ.એ. થયાં છે.

કવિતાનો પ્રભાવ એની પ્રસ્તુતિ પર નિર્ભર કરે છે. જો પ્રસ્તુતિ અનાકર્ષક હોય કે એની કથન રીતી અણઘડ હોય તો કથ્ય મનવાંછિત પ્રભાવ પાડી શકતું નથી. પ્રસ્તુત કવિતામાં કવયિત્રી એ પ્રભાવ પાડવામાં સફળ રહ્યાં છે. કવિતા વાંચ્યા પછી ભાવક પણ સપનાં જોયો થ જાય એવો પ્રભાવ.

અસ્તુ.

# લઘુ-નવલ

## તડકા ભીનાં મૃગજળ





અર્ચિતા દીપક પંડ્યા

આપણે જોયું કે...

ઘણાં સમય પછી અમદાવાદ આવવાનું થતાં ગોવાથી નીકળેલી મૃગા, પારુમાને મળવાની તીવ્ર ઉત્કંઠા અનુભવે છે. પારુમાએ એકલે હાથે એને ઉછેરી છે, એ માટે એને મા ઉપર માન છે. સાથેસાથે પિતાની છત્રછાયા ન મળવાનું દુઃખ મૃગાના આંતરમનમાંથી ડોકિયાં કરે છે. પોતાના સંઘર્ષની વાત કરી માને દુઃખી નથી કરવી એવી માનસિક તૈયારી સાથે એ ઘરે પહોંચે છે. પર્સમાંથી પડી ગયેલું મૃગાનું આઈ કાર્ડ ટેક્સી ડ્રાઇવરના હાથમાં આવે છે.

હવે આગળ..

પ્રકરણ : ૪ : મેઘધનુષનો ખૂટતો રંગ

"મેડમ! સાંભળો છો, ઓ મેડમ!"

મૃગા પોતાનું ઘર જોઈને જાણે ફરી મુગ્ધા બની ગઈ! એ તો અતિતમાં ડગ માંડી રહી હતી! પહેલું પગલું મૂક્યું અને એનું હૈયું દોડી ગયું હતું આખું આંગણું ઓળંગીને ઓટલા પર! એની નજર પારુમાને શોધી રહી હતી. ડ્રાઈવરના અવાજે એનું ધ્યાનભંગ કર્યું તો એણે જવાબ આપી દીધો,

"છૂટ્ટા તમે રાખો ભાઈ!"

નજર ફેરવ્યા વગર જ, એ થોડું અટકીને આગળ ચાલી.

"મેડમ, તમારું આઈ કાર્ડ!"

હવે મૃગા ચમકી! કાયમ પર્સમાં જ રાખતી, એ આઈ- કાર્ડ ક્યાંથી બહાર આવી ગયું? હાથ લંબાવીને ઉતાવળે આઈ કાર્ડ લીધું. એનાં પર નજર પડી, 'મૃગા મૌલિન ધામત'. મૃગાના નામની પાછળનો હિસ્સો એને અકળાવી ગયો. એણે હાથ વડે એ નામને ભૂંસી નાંખવાની કોશિષ કરી, પણ જીવન કંઈ દરિયાનો કિનારો થોડો છે? નહીં

તો રેતીમાં લખેલું નામ એક મોજાંની થપાટ સાથે પાણીમાં લેતો જાત! ટૅક્સીના પૈડાંનાં તાજા લિસોટાને જોઈ એનાં મનમાં વિચાર આવ્યો. વીતી ગયેલો સમય ભલે એનાં નિશાન છોડતો જાય, પણ હવેથી મારી આજને હું નવી બનાવવા માંગું છું.

પારુમાને વારસામાં મળેલ બંગલાનાં મોટાં આંગણામાં એક નાનો ઓરડો તૈયાર થઈ ગયો હતો. "આ તો માએ ક્યારેય કીધું જ નહીં! કેમ બનાવ્યો હશે?" મૃગાના મનમાં સહજ પ્રશ્ન થયો. ટ્રોલી બેગ લઈને એ ધીરે ધીરે આગળ વધી. ઓરડી પર લાગેલી ચિમનીએ એનું ધ્યાન ખેંચ્યું પણ ઘરે પહોંચવાની ખુશીમાં તરત જ મન હરખાયું, "મા મને અચાનક આવેલી જોઈને કેવી ચમકી જશે?" મૃગા હસું હસું થઈ રહી હતી, ત્યાં 'સુસ્વાગતમ્' લખેલું બોર્ડ લઈને થોડાં બહેનો બહાર આવ્યા. પારુમા સૌથી આગળ હર્ષભેર દીકરીને આવકારવા લગભગ દોડતા આવી રહ્યા હતા. મૃગા તો અવાક્ બની ગઈ. "અરે, સરપ્રાઇઝ તો મારે આપવાની હતી! અહીં ખબર કેવી રીતે પડી કે હું આવવાની છું? અનિકે કહ્યું હશે? કે ફરી નાગરાજન્?" પણ અન્ય લોકોની હાજરી, પારુમાનો ઉત્સાહ અને હરખભર્યા વાતાવરણમાં એની ચિંતાનું ઝટ દઈને બાષ્પીભવન થઈ ગયું.

"આવું ભવ્ય સ્વાગત? મા તું તો ગજબ છો! તને કેવી રીતે ખબર પડી?" આઠ દસ બહેનોનું ટોળું એમની આગળ પાછળ હતું. પારુમા તો એટલાં ખુશખુશાલ હતા કે મૃગાનો પ્રશ્ન એમને સંભળાયો જ નહીં. થોડી વારમાં તો ગરમાગરમ ગોટા અને ગરમ આદુવાળી ચા આવી ગઈ. પારુમા પોરસાતા હતા અને એમની દીકરીની ઓળખાણ બધાને કરાવતા હતાં. મૃગા તો પારુમાને વળગીને જ બેસી ગઈ. એક બહેન કહે, "મોરના ઈંડા કંઈ ચિતરવા પડે?" ત્યાં તો વિશુમાસી બોલ્યા, "આ તો ઢેલના ઈંડા કહો ભાઈ!"

"ઓહો વિશુમાસી, કેમ છો? તમે અહીં જ છો?" કહીને મૃગા એમને ભેટી પડી.

"હું તો હવે આખો દિવસ અહીં જ રહું છું. પારુમા જોડે જ!"

"વાહ માસી, તમારી પારુ-વિશુની જોડી ઝિંદાબાદ!"વિશુમાસીએ વહાલથી નાની ટપલી મારી.

"પારુમા, અમે જઈએ. તમે દીકરી જોડે લહેરથી વાત કરો. આપણે તો ઓર્ડરનો નાસ્તો બનાવવાનો હજુ બાકી છે. મૃગાબેન, ચકરી બનાવીએ છીએ, હોં! હમણાં તમને ચાખવા મોકલીશું."

આનંદસભર વાતાવરણમાં મા દીકરીને મૂકી ફેક્ટરી બાજુ જવા માટે વિશુમાસીએ નેતૃત્વ કર્યું. "મા, આ બધું શું છે? ક્યારથી શરૂ કર્યું? મને કહ્યું પણ નહીં?"

"જો આપણો ગૃહઉદ્યોગ હવે કેવો મોટા પાયે ચાલે છે! મારો સ્ટાફ જોયો? તારી મા એન્તરપ્રન્યોર થઈ ગઈ છે! સો માણસનું જમણ હોય કે પંદરસોનું, મિઠાઈ તો મારી જ વખણાય છે."

"ઓલ્વેઝ પ્રાઉડ ઓફ યુ મા! પણ આ બધું થયું કેવી રીતે?"

"ઈશ્વર કૃપા વગર કશું ન થાય.."

"અરે, ઈશ્વર તો બરાબર. પણ કયા સ્વરુપે તને મદદ કરી ગયા, એ કહે ને? દરેક વખતે ભાવનામાં કેમ વહી જાય છે?"

"પહેલા એ કહે, તેં મૌલિનકુમાર જોડે વાત કરી કે તું અમદાવાદ પહોંચી ગઈ છે?"

"તને વળી તારા કુમારની બહુ ચિંતા.. મારી સામે જોને?"

"ના હો, મારી દીકરી મને ખૂબ વહાલી છે. મેં તો જાહેર જ કરી દીધું કે અહીં સીધી આવશે પછી સાસરે તો સારા ચોઘડિયે જ મોકલીશ!"

"ચોઘડિયામાં હું માનતી જ નથી, અને તને કહી દઉં હું જવાની જ નથી, પછી ચોઘડિયા જોવાની શી જરૂર?"

"શું? શું બોલી તું?"

"એટલે હમણાં તો નહીં જ! તારી જોડે રહેવા દે ને!"

મોબાઈલમાં રિંગ વાગી એટલે મૃગાને છટકબારી મળી ગઈ. પારુમા એમની ટેવ પ્રમાણે વ્યવસ્થામાં ગૂંથાયા.

મૃગા ફોન પર વાત કરવા લાગી.

"હાય અનિક! કેમ છે?"

"મૃગા ફર્સ્ટ ઓફ ઓલ, કોન્ગ્રેચ્યુલેશન્સ! બહુ મસ્ત એડ બની, ક્લાયન્ટ ખૂબ ખુશ છે. અરે ઈન્સ્ટા પર લાઈક્સ તો જો.. વધતી જ જાય છે! મને તો લાગે છે પેમેન્ટને બદલે એ ડાયમંડ સેટ જ માંગી લે, આપી દેશે!"

બંને જણાં ખડખડાટ હસી પડ્યાં.

"અનિક, આ પહેલા તેં ઘરે કોલ કર્યો હતો?"

"ના, અત્યારે તારા ફોન પર જ કર્યો. ખાસ તો એ, નાગરાજનની ઓફિસના ફોન પર, તું ક્યાં છે એ પૂછવા ફોન આવેલો. મને જરા નવાઈ... "

"જરા? અરે આ તો સમજી ન શકાય એવું છે. હું અહીં આવું છું એ તો માને પણ ખબર જ હતી!"

"ઇમ્પોસિબલ! બી એલર્ટ, ટેક કેર"

"હા, કરીએ પછી વાત. હું હમણાં જ પહોંચી છું."

"ઓ કે, હેવ અ નાઈસ ડે! વધુ એક પ્રોજેક્ટ તૈયાર છે તારા માટે. પછી ચર્ચા કરીએ."

"ઓ કે, ઓ કે."

મૃગાએ ફોન મૂક્યો ત્યાં જ પ્રથમ અને શૈલા દેખાયા.

"અરે આવો આવો સહપાઠીઓ, આવી ગયા બંને!"

"મૃગા.. કેમ છે? બહુ મિસ કરતી હતી તને!"

"કેમ છે તું? જીજુ? અને નોટ ફેર, હં! નાનકડી આર્યાને કેમ ન લાવી?"

"માસી થયા છો તો રમાડવા આવવું પડશે ને?"

બંને બહેનપણીઓની કિલકારીથી ઘર ગાજી ઊઠ્યું. અને પ્રથમ? બસ, માણી રહ્યો હતો મિત્રોની મહેફિલ એ તો!

"પ્રથમ, કંઈક તો બોલ. કેમ છે તું? મમ્મી પપ્પા મઝામાં? છોકરી બોકરી જોઈ કે નહીં?"

પ્રથમ જરા શરમાઈને હસ્યો.

"આ પ્રથમ તો મને મળવા આવે તો પણ કંઈ બોલે નહીં હં કે? આટલો શાંત છોકરો તો મેં જિંદગીમાં નથી જોયો." પારુમાએ આવતાવેંત પ્રથમ વિશે અભિપ્રાય આપવો શરૂ કર્યો. પ્રથમ માટે તો આ જૂનું અને રોજનું થયું હતું. એણે મરક મરક હાસ્યમાં જવાબ આપ્યો કાયમની જેમ. શૈલા તો ઉત્સાહથી વળગી પડી હતી મૃગાને.

"બહેનો, છૂટી પડો હવે. જુઓ ચકરીને ચા વિશુમાસીએ મોકલ્યા છે. ખાવ ને મઝા કરો."

"પારુમાના નાસ્તા તો જોરદાર વખણાય છે ને? મારા સાસરે તો તમારા નાસ્તાના ફેન છે બધાં."

"તમારા બંનેનાં પેકેટ બંધાવી જ રાખ્યાં છે. જતી વખતે ભૂલી ન જતાં પાછા! હા, શૈલા તારી દીકરી માટે મગસ પણ લેતી જજે."

"અરે,એમ કંઈ ફેવરીટ નાસ્તા થોડાં ભૂલી



જઈએ! થેન્ક્યુ પારુમા!"

શૈલા જેવી પારુમાની સાથે વાત કરવા દૂર ગઈ કે પ્રથમે ધીરે રહીને મૃગાના કાનમાં પૂછ્યું,

"મૃગા, બધું બરાબર તો છે ને?"

"હા, ચિંતા નથી."

"મદદની જરૂર હોય તો કહેજે."

"શ્યોર.."

પારુમાનો પ્રવેશ થતાં જ પ્રથમ દૂર ખસ્યો અને મૃગાના મોંમાં રહેલો શબ્દ અટકી ગયો.

"શૈલા, મૃગા અહીં છે ત્યાં સુધી તારી દીકરીને લઈને રહેવા આવજે. પ્રથમ તો નજીક જ રહે છે, એને પણ બોલાવી લઈશું."

ધમાલ-મસ્તી કરતાં અને જમતાં, વાતો કરતાં કરતાં શાળા કોલેજના મિત્રોને ખૂબ યાદ કર્યાં. ખૂબ મઝા કરી, વાતો કરી અને હસ્યાં પણ ખરાં. છૂટાં પડવાનો સમય આવ્યો ત્યારે શૈલાએ પૂછ્યું,

"ક્યારે જાય છે સાસરે?"

જવાબમાં મૃગાએ મોટી આંખો કરીને એને બોલતાં અટકાવી. એ ચેષ્ટાથી શૈલાની આંખો વધુ વિસ્ફારિત થઈ ગઈ. મૃગાએ એનો હાથ દબાવીને વાત બદલી.

"અરે તમે લોકોએ ઈન્સ્ટા પર મારા ફોટોઝ જોયા ને?"

"રિયલી ગુડ યાર. તું તો પહેલેથી મોડેલ જ છે આપણી કોલેજની! એમાં તો મૌલિન મોહી પડ્યો હતો."

પારુમા અને શૈલા ખુલ્લા દિલે હસી પડ્યા પણ પ્રથમ અને મૃગાની નજર મળી, જાણે કોઈ છાની વાત બંનેને ફરી ખટકી હતી. શૈલા અને પ્રથમ ઘરે જવા નીકળ્યા. ફરી જલ્દી મળવાનો વાયદો કર્યો.

રાત પડી ગઈ હતી, પારુમા અને મૃગાએ સૂવાની તૈયારી કરી. મૃગાતો પારુમાના ખોળામાં માથું મૂકીને સૂઈ ગઈ. પારુમા એમની લાડલીના માથે હેતાળ હાથ ફેરવતાં રહ્યાં ત્યારે મૃગાની બધી ચિંતાઓ એની જાતે જ ટળી જતી હોય એવું લાગ્યું.

"મારી સોનપરી! હું તારી બહુ રાહ જોતી હતી."

"મા, તું પણ મને ડગલે ને પગલે યાદ આવતી હતી."

"તું તો જાણે ઊડીને બેંગલોર પહોંચી ગઈ પછી પાછું વાળીને જોયું જ નહીં ને?"

"હા મા, કામ અને એમાં આવ્યું લોકડાઉન. કેવી રીતે આવું?"

"હું અવાર-નવાર તારા સાસુ સસરા જોડે વાત કરતી."

"હું પણ કરતી."

"મૌલિન જોડે તો બરાબર વાત કરે છે ને? ત્યાંથી નીકળતા વાત કરેલી?"

" ના.. અરે હા, હા. કેમ નહીં. કરું જ છું વાત."


મૃગાએ નજર મેળવ્યા વગર જ વાત કરી અને વાત બદલવા જ પૂછ્યું. "મા, મને કહે ને કે પારુમાના નાસ્તા આટલા પ્રસિદ્ધ કેવી રીતે થયા? ગૃહઉદ્યોગ આટલો ધમધમતો કેવી રીતે થયો, એવી બધી વાત કરને?"

"લે, તને નથી ખબર? મૌલિને મદદ ન કરી હોત, તો આ ફેક્ટરી જ બની ન હોત!"

મૃગા માટે આ આંચકો ગોવાના દરિયાકિનારે થયેલા અનુભવનું પુનરાવર્તન હતું. મનના દરિયામાં સુનામી લાવી દે એવો!

(વધુ આવતા અંકે...)

# પૃથ્વી અને સ્વર્ગ



ધૂમકેતુ

જ્યાં સતલજનાં ઉતાવળાં વેગભર્યાં પાણી હિમાલયની તળેટીનો ભાગ છોડીને પંજાબના મેદાનમાં પ્રવેશ કરે છે, ત્યાં પણ ગગનચુંબી ડુંગરાઓની પરંપરા અને નાખી નજર ન પહોંચે તેવા લાંબાંલાંબાં મેદાનો એકબીજા સાથે હાથમાં હાથ મિલાવી આજે સૈકાઓ થયાં ધાટી મૈત્રી સાધી રહ્યાં છે.

જ્યારે જગત બાલ્યાવસ્થામાં હતું ત્યારે એ મેદાનો પર નિર્ભય અને નિરંકુશ હરણાંઓ લીલોતરી ચરતાં ફર્યા કરતાં; સોનેરીરૂપેરી વાદળીઓના પડછાયા નીચે ઋષિ-મુનિની ગાયો ત્યાં ચર્યા કરતી; તેનાં વાછરું રૂપાળી નાની ડોકો, આમથી તેમ ફેરવીને ચારે તરફ દોડયાં કરતાં, સમિધ લઈને આવતાં ઋષિમુનિનાં સંતાનો જલધિજલના તરંગ જેવા મેઘને ડુંગરાઓ પર ઘૂમતા જોઈ રહેતાં. ચારે તરફ નવો પ્રાણ, અમૃતભર્યું જીવન ને સંતોષભરી જિંદગી ભરચક છલકાતાં.

ન ગણી શકાય તેટલાં વર્ષો પહેલાં સતલજના કિનારા પર બે સુખી કુટુંબો રહેતાં હતાં. તેમની સાદી ઝૂંપડીમાં વેદ અને ઉપનિષદનું તત્ત્વજ્ઞાન, લખ્યા વિનાનું કે બોલ્યા વિનાનું છાનું છાનું ફેલાયા કરતું.

એક કુટુંબનો ગુરુ અને વડીલ ગૌતમ હતો. તેની પત્નીનું નામ સુનંદા અને પુત્રીનું નામ સુકેશી. ગૌતમ પાસે ગાયો હતી, એક દિવસમાં ખેડી શકાય તેવું નાનું ફળદ્રુપ ખેતર હતું અને એક દિવસમાં ફરી શકાય તેટલી ગોચરની જમીન હતી. તેના ખેતરમાં ઝરણાં હતાં, ને ગોચરની જમીનને સતલજ- શતદ્રુ પોતે બારે માસ છંટકાવ કરતી.

બીજુ કુટુંબ શતપર્ણના વડીલપણા નીચે હતું. તે કુટુંબમાં ચાર માણસો હતાં. શતપર્ણ પોતે, તેની પત્ની વિશાખા, પુત્ર આરણ્યક અને એક પાળેલો ધર્મપુત્ર સુમેરુ. શતપર્ણની પાસે નવ્વાણુ ગાયો હતી, ચાર માણસને બાર માસ ચાલે તેટલી કમોદ જેમાંથી પાકે તેટલી જમીન હતી, ને તેની ગાયો ચરાવવા માટે છૂટું મેદાન હતું. જંગલનાં ફળફૂલ લાવવા માટે શક્તિ હતી; હરવા ફરવા માટે ડુંગરા ને મેદાનો હતાં. ગાવા માટે ખુલ્લું આકાશ ને અખૂટ ધરતી હતાં; હવા, પાણી ને તેજ શરીરને પ્રસન્ન રાખતાં. સત્ય ને અહિંસા આત્માને ઉજાળતાં. બન્ને કુટુંબો સુખી હતાં.

મન અધિકારી હોય ત્યારે કુદરતનું ભર્યું સૌન્દર્ય જીવનનો મર્મ કહી બતાવે છે. ડુંગરાઓ પર આરામ લેવા માટે બેઠેલા સમુદ્રના તરંગ જેવા મેઘને નિહાળતા નિહાળતા આરણ્યક, સુકેશી અને સુમેરું વારંવાર મેદાન પર ફરતાં. તેમની ગાયો છૂટી ચર્યા કરતી. ઘણીવાર તેઓ શતદ્રુના નિરંતર વહેતા પ્રવાહને અનિમેષ નયને જોયાં કરતાં. ઘાટી વનરાજિમાં બેસીને ઝાડની ડાળીઓમાં સંતાકૂકડી રમતાં તેઓ થાકતાં નહિ, આનંદભર્યા તેમના જીવનમાં લોભ કે ક્રોધ, સ્પૃહા કે ઇર્ષ્યા હજી પ્રવેશ કરી શક્યાં ન હતાં.

માત્ર કમલપત્રથી ઢંકાયેલી સુકેશીની દેહલતા આરણ્યક અને સુમેરુના દિલમાં ઉષાના નવરંગી આકાશ જેવા કોમળ ભાવો ઉત્પન્ન કરતી. સૌંદર્ય- પછી ગમે તેનું હોય - મેઘાચ્છાદિત હેમાદ્રિનાં સોનેરી શિખરોનું કે પાનથી ઘેરાયેલા ચંપાના ફૂલનું, કે ગુલાબકળી પર પડેલી મોતીના જેવા જલબિંદુનું કે નવકુસુમ જેવી જુવાનીનું - પણ સૌંદર્ય એ ભાવના છે, કલ્પના છે, વસ્તુ નથી; માટે અસ્પૃશ્ય અને અત્યંત પવિત્ર છે. એવા વિચારના પ્રવાહ નીચે સતલજના મેદાન પર ત્રણે જણાં ફર્યા કરતાં.

આસપાસ જે ગામડાંઓ વસ્યાં હતાં તેમાં બધે જ આવી વ્યવસ્થા હતી. જે કુટુંબમાં કમોદ વધારે પાકતી તે કુટુંબ બીજા કુટુંબમાં જ્યાં જવ વધારે પાકતા ત્યાંથી કમોદના ગાયનું દૂધ મળી શકતું ને દર્ભના બદલામાં નવનીત મળતું. જેને ઘેર માટી વધારે હોય તે બીજાને ઘેર માટીનું પાત્ર મૂકીને દૂધનું પાત્ર લઈ આવતું. છોકરાં રમતાં રમતાં જ્યાં થાકી જાય ત્યાં જમી લેતાં. જુવાનો જ્યાં ચાંદની ખીલી હોય ત્યાં બેસતા ને વાતો કરતા સૂઈ રહેતા.

ત્યાં આંસુ આનંદનાં પડતાં. નિત્ય ખીલેલા ફૂલ ઉપર ભમરાઓ ગુંજાવર કરતા. કોઈ ઘરને બારણું ન હતું. કોઈના ઘરને મર્યાદા ન હતી. નીતિની લીટી ઘરની ચારે તરફ બરફના જેવી પ્રકાશ્યા કરતી. આવી રીતે તે આખો પ્રદેશ સુખી ને શાંત હતો. હરીફાઈને કનિષ્ઠ પ્રકારનું અનુકરણ માનવાની ત્યાં પ્રથા ન હતી.

એ પ્રદેશમાં વિવાહને કોઈ જાણતું નહિ; પ્રેમને સૌ પિછાનતા અને પ્રેમથી બંધાયેલાં યુગલ મૃત્યુથી છૂટાં પડતાં નહિ. ત્યાં વિધવા વિવાહનો પ્રશ્ન કોઈ રાજસી પ્રકૃતિના માણસે હજી રજૂ કર્યો ન હતો, કારણ કે ત્યાં કોઈ બાલવિધવા થતી નહિ, અને મોટી વિધવાઓ બધી પવિત્ર રહેતી. ત્યાં કોઈ વિધુર ન હતો.

કારણ કે પ્રેમનું બંધન પુરુષ-સ્ત્રી સૌને માન્ય હતું. ત્યાં માણસને મારનાર ડૉક્ટર ન હતો, કારણ કે જિવાડનાર કુદરત હતી. ત્યાં ખોટી મોટાઈ, દંભભર્યો વિવેક કે અકારણ ધમાલ ન હતી, વસ્તુના ભાવો ન હતા : વ્યાપાર ન હતો, વ્યવહાર ન હતો

મંદિરો ન હતાં, કથા ન હતી : રાજ ન હતું, રાજા ન હતાં : કાયદો ન હતો, યંત્ર ન હતાં : હતો માત્ર પ્રેમ.

પ્રેમથી વસ્તુ મળતી ને અપાતી. ધર્મ ખુલ્લા મેદાનમાં ઇશ્વરની પૂજા કરતો. કથા માત્ર અંતરમાં જ ચાલતી. સૌ પોતે પોતાના રાજા હતા. નીતિ એ કાયદો હતો. સત્ય એ મર્યાદા હતી. સદ્ગુણોને સૌ ધર્મ માનતા, શૌર્યને મંત્ર સમજતા એવો એ અદ્ભુત પ્રદેશ પૃથ્વી ઉપર સ્વર્ગ જેવો પ્રકાશતો.

ઘનશ્યામ વાદળાંઓ હિમાલયને ઘેરીને ઊભાં હતાં. જ્યાં જુઓ ત્યાં અદ્ભુત રંગોની મિલાવટ જામી હતી.

એ વખતે સતલજ પાસેના એક સૌથી ઊંચા ડુંગરા ઉપર આરણ્યક અને સુકેશી બેઠાં હતાં.

બધાં મેદાનોમાં ઘાસ ઉપર ફૂલની જાજમ પથરાઈ ગઈ હતી. ડુંગરાઓ ધોવાઈ ધોવાઈને પશ્ચાત્તાપ પછી બનેલા હૃદય જેવાં નિર્મળ થયા હતા. ઝાડ ઉપર નીલો રંગ પથરાયો હતો. પક્ષીઓ દોડતાં હતાં, મેઘ ઊડતા હતા, કુદરત ખીલી હતી; પ્રેમના વિકાસની જે ઋતુ કહી છે તે એ ઋતુ હતી.

સુકેશીના શરીર ઉપર તેના છૂટા વાળ ઊડી રહ્યા હતા. તેણે કમળપત્રથી શરીરનો નીચેનો ભાગ ઢાંક્યો હતો ને ફૂલની ચાદર માથા ઉપર ઓઢી હતી. આરણ્યક તેના કાનમાં ફૂલ પરોવી રહ્યો હતો.

અચાનક જેમ શરીરમાં વીજળીનો સંચાર થાય તેમ બન્નેએ અકથ્ય રોમાંચ અનુભવ્યો.

પ્રેમની મૂંગી ભાષા તેમની આંખોમાં બોલતી હોય તેમ ઘડીભર બન્ને અનિમિષ નેને સામસામે જોઈ રહ્યાં.

આરણ્યક ફરી તેનું ઉત્તરીય ગોઠવવામાં ગૂંથાયો. આ વખતે મેઘ નીલાંબરી પૃથ્વીને ચૂમતા હતા, શિખરો મેઘને સ્પર્શતાં હતાં, વેલીઓ વૃક્ષને વળગી હતી, અને વનના મોરલા પાસે ઢળકતી ઢેલો ફરતી હતી.

એટલામાં સુકેશીની દ્રષ્ટિ આરણ્યકના હાથ પર પડી. આરણ્યકે પોતાની મુઠ્ઠીમાં કાંઈક સાચવી રાખ્યું હતું. મંદ હાસ્ય કરીને સુકેશીએ પોતાના કોમળ હાસ્યથી આરણ્યકની મુઠ્ઠી ઉઘાડી.

જેમ વાદળમાંથી ઢંકાયેલી ચંદ્રની કાન્તિ વાદળું દૂર થતાં શોભી રહે, તેમ મુઠ્ઠી ખૂલતાં જ ઇન્દ્રનીલમણિની હરિયાળી કાન્તિથી આસપાસની જમીન પ્રકાશી રહી.

'આ શું છે આરણ્યક ?' બોલીને સુકેશીએ ઇન્દ્રનીલમણિ પોતાના હાથમાં લીધો.

'આ પથ્થર મને શતદ્રુની ખીણમાંથી મળ્યો છે. નીલાકાશ જેવો એનો ઘેરો શ્યામ રંગ અત્યંત મોહક છે.'

સુકેશી ઇન્દ્રનીલમણિ તરફ જોઈ રહી. મણિ વધારે ને વધારે સુંદર લાગતો હતો.

સ્ત્રીસહજ પ્રેમભર્યા ઉમળકાથી તેણે મણિને પોતાની છાતી ઉપર લગાવ્યો. શ્

રીકંઠના લાંછન જેવો તે સુકેશીના સુંદર વક્ષ:સ્થળને શોભાવી રહ્યો.

આરણ્યક આ મોહક સૌંદર્યને જોઈ રહ્યો. પોતાની કમળપત્રથી ઢંકાયેલી છાતી પરથી હળવે રહીને સુકેશીએ ફૂલની ચાદર દૂર કરી. પ્રભાતમાં જેમ કમળસંપુટ અર્ધખીલ્યું અર્ધવણખીલ્યું શોભી રહે તેમ સુકેશીનું રસયૌવન શોભી રહ્યું. જેમ ભીના શ્વેત બરફના ખંડમાં ઘનશ્યામ મેઘનો રંગ સોંસરવો નીકળી હિમશકલને અવર્ણ્ય જાંબુડા રંગથી રંગી રહે તેમ એ રસપ્રદેશને ઇન્દ્રનીલમણિએ રંગી દીધો.

કિંચિત્ હાસ્ય કરીને સુકેશી આરણ્યક તરફ ફરીને બોલી : 'આરણ્યક, આ મણિ તો મને શોભે એવો છે.'

આરણ્યકે અત્યંત પ્રેમથી એ મણિને સુકેશીની ફૂલની ચાદરમાં છુપાવી દીધો.

'એ મણિ તારો જ છે, સુકેશી!'

એ વખતે નીલા મેદાન પર થઈને સુમેરુ ડુંગર ઉપર ચડતો હતો. તે ચડતાં ચડતાં થંભી ગયો. સુકેશીના જમણા હાથને ખેંચીને આરણ્યક તેનાં સ્નેહથી નીચાં નમતાં નેણ ચૂમી રહ્યો હતો.

સુમેરુ આ જોઈને થંભી ગયો.

તે વખતે એ મેદાન પર પહેલવહેલી ઇર્ષ્યા ઉદ્ભવી.

પાસેનો ડુંગર મોટા અવાજ સાથે નીચે દડી પડયો ! તેના અવાજથી વન ધ્રૂજ્યાં, પક્ષીઓ નાઠાં, પશુઓ દોડયાં અને પર્વતોએ પડઘા આપ્યા, એ અવાજથી સુકેશી અને આરણ્યક જાગી ઊઠયાં, અને તેમની નજરે ડુંગર પરથી દડતો મોટો પથ્થર અને ડુંગર પર ધીમે ધીમે ચડતો સુમેરુ બન્ને દેખાયા.

સુમેરુને ત્યારથી ઇર્ષ્યા થઈ છે. તેણે ઘણી ઘણી ખીણો ખૂંદીને બીજા અનેક લાલપીળા ચળકતા પથ્થરો ભેગા કર્યા છે. પોતાની ગાયોની ડોકે તેણે રૂપાળા પથ્થરોની માળા લટકાવી છે; પણ તેમાં ક્યાંયે પેલા ઇન્દ્રનીલમણિ જેવો પથ્થર નથી.

એક દિવસ ગુરુ શતપર્ણ પાસે જઈને સુમેરુએ કહ્યું કે, 'મારે હવે અરણ્યવાસ કરવો છે.'

અત્યંત મધુર અવાજથી ગુરુ બોલ્યા : 'કેમ બેટા ! તને શાથી એકાંતવાસ પ્રિય બન્યો છે ?'

સુમેરુએ કચવાતાં ઉત્તર આપ્યો : 'સુંદર પ્રભાત જેવી સુકેશી આરણ્યક સાથે ફરે છે.'

ગુરુએ કિંચિત્ હસીને ઉત્તર આપ્યો : 'જે પ્રદેશમાં મનુષ્યો પ્રેમની ઇર્ષ્યા કરે છે, યોગ્ય યુગલને ઇર્ષ્યાથી જુએ છે, ત્યાં નરકની ગંધ પ્રગટ થાય છે, ત્યાં યૌવનમાં રસને બદલે વિકાર પ્રગટે છે, ત્યાં પવિત્ર પ્રેમની સૃષ્ટિને બદલે વિલાસની બદબો છૂટે છે. હે પુત્ર ! તું પણ તારી કોઈ યોગ્ય સહધર્મચારિણીને શોધીને સુખી થા.'

'ગુરુદેવ! હું સુકેશીને જ મેળવીશ. આરણ્યકે

તેને એક ઇન્દ્રનીલમણિ આપ્યો છે, હું તેને દશ આપીશ.’

ગુરુદેવ નિઃશ્વાસ નાખીને બોલ્યા : 'ત્યારે આ પ્રદેશની સ્વર્ગીય અવસ્થા હવે ભૂંસાઈ જશે.'

વૈરના પડઘા જેવું નિષ્ઠુર હસીને સુમેરુ ચાલ્યો ગયો, અને એકલો જુદો વાસ કરીને રહ્યો.

સુમેરુના એકાંતવાસ પાસે પણ અનેક સ્ત્રીઓ રંગીન પથ્થર લેવા જાય છે. કમળપત્ર જેવા કિંચિત લાલ પથ્થર, વિષ્ણુના ઉત્તરીય જેવા મીઠા પીળા રંગના પથ્થર, અને ઘેરા ગંભીર જળ જેવા નીલા પથ્થર- સુમેરુ પાસેથી જ મળે છે.

તેના બદલામાં ગાયો, જવ, કમોદ, નવનીત અને દૂધ તેને ત્યાં ચાલ્યા આવે છે. ત્યાંની સુંદરીઓ હવે કમળપત્રના દાંડાથી કાન પૂરવાના બદલે લાલ પથ્થરને લટકાવવાનો શોખ ધરાવે છે. સૌ એ શોખને પૂરવા પરાધીન બન્યા છે. સુમેરુએ ત્યાં નવો કાયદો ચલાવ્યો અને જાણ્યેઅજાણ્યે સૌ તેની સત્તા તળે આવ્યાં.

આજ દિવસ સુધી સૌ સૌની જરૂરિયાત પ્રમાણે વસ્તુઓ આપ લે કરતાં. દરેક વસ્તુ સરખી કિંમતની હતી, ને બધી સરખી ઉપયોગી હતી, પણ સુમેરુએ પથ્થરના રંગ અને સૌંદર્ય પરથી દરેક પથ્થરની જુદી જુદી કિંમત આંકી. સુમેરુ પાસે ઘણી વસ્તુઓ આવી પડી, ને જેમને જરૂર હતી તેઓ વસ્તુઓ વિના રખડવા લાગ્યા.

એક વખત એક જુવાન માણસ સુમેરુ પાસે આવ્યો. તેણે સુમેરુને જવ આપ્યા અને નવનીત માંગ્યું. સુમેરુએ જવાબ આપ્યો કે, 'જવને બદલે નવનીત નહિ આપું. મારે બેમાંથી એક્કેની જરૂર નથી." પેલા જુવાને કહ્યું કે, 'અત્યારે મારે જરૂર છે માટે તમારે આપવું જોઈએ.’

'પણ એ તો મારું છે તે કેમ અપાય?' સુમેરુ આ શબ્દ બોલ્યો ત્યારે સુસવાટ કરતો પવન દેવદારુનાં વન સોંસરવો નીકળી ગયો.

આ પ્રદેશમાં આ શબ્દ અને આ વિચાર નવા હતા.

'ત્યારે એ ચીજનો ઉપયોગ શો?' પેલા જુવાને પૂછ્યું

ખડખડ હસીને સુમેરુએ જવાબ વાળ્યો : 'સત્તા મેળવવી તે.’

ફરી વન ધ્રૂજ્યાં. આ નવા વિચાર પૃથ્વીને અપવિત્ર કરતા હતાં.

'સત્તા એટલે શું?' ભોળા જુવાને પ્રશ્ન કર્યો. તે વખતે બીજી દિશામાંથી અનેક સ્ત્રીઓ અને પુરુષો સુમેરુના એકાંતવાસ તરફ આવતાં દેખાયાં. કેટલાક ગાયો લઈને, કોઈ જવ લઈને, કોઈ કમળ અને કંદ લઈને અને ઘણાં તો નવનીત, દૂધ અને માટી લઈને આવતાં દેખાયાં.

સુમેરુ તેમના તરફ જોઈ રહ્યો અને પછી પેલા ભોળા જુવાન તરફ ફરીને ગર્વથી બોલ્યો : 'જો, આનું નામ સત્તા; કેટલાં માણસો આ તરફ આવે છે!'

આખું ટોળું સુમેરુ પાસે દોડી આવ્યું. કેટલાંક બૂમ પાડતાં હતાં કે અમને લાલ પથ્થર આપો. કેટલાંકે આસમાની પથ્થર પર નજર ઠેરવી હતી. કોઈકને પીળા પથ્થરનો મોહ હતો. સત્તાધીશની ઢબથી સુમેરુએ બધાંને કહ્યું : 'સૌ શાંત રહો!'

ટોળામાં એકદમ શાંતિ ફેલાઈ ગઈ.

સુમેરુએ કેટલાક ધોળા અને પીળા કટકા કાઢ્યા. સૂર્યના કિરણ નીચે તેઓ પ્રકાશવા લાગ્યા.

'એ શું છે? એ શું છે? અમને એવા કટકા આપો.' આખા ટોળામાંથી સૌ બોલવા લાગ્યા. એક કટકાને ઉપાડીને સુમેરુ બોલ્યો : 'આનું નામ સુવર્ણ. અને આ ધોળો કટકો તે રજત.'

'અમને સુવર્ણ આપો.'

'અમને રજત આપો.'

'અમને બન્ને આપો.'

'શાંતિ રાખો!' ફરી સુમેરુ બોલ્યો, અને આખું ટોળું શાંત થઈ ગયું.

'સુવર્ણ કોને કોને જોઈએ છે?'

'મને' અને 'અમને'ના અવાજથી વાતાવરણ ભરાઈ ગયું. સુમેરુ સંતોષથી હસવા લાગ્યો, 'ત્યારે જુઓ આ પાત્ર : આવાં સો પાત્ર જવથી ભરી આપશે તેને આટલું સુવર્ણ મળશે.' સુમેરુએ એક માટીનું પાત્ર લઈને ક્રિયા સમજાવી.

સૌ બાઘા મંડળ માફક ઊભાં રહ્યાં, અને પછી જેની પાસે દૂધ હતું તેણે આગળ ધર્યું :

સુમેરુએ માટીના નવા પાત્રથી દૂધ ભરવા માંડયું. રજત અને સુવર્ણના કટકા સૌ લેવા લાગ્યા : અંદર અંદર જોવા લાગ્યા, અરસપરસ દેખાડવા લાગ્યાં.

છેટેથી આરણ્યક અને સુકેશી આવતાં હતાં. આખા ટોળામાં સુમેરુ સ્વામી જેવો શોભી રહ્યો હતો. તે પેલા ભોળા જુવાન તરફ ફર્યો : 'જુવાન માણસ! તારે મારા દાસ થવું છે?'

'દાસ શું?'

'સત્તા એટલે શું એ તે જોયું?'

'હા.'

'ત્યારે દાસ એટલે શું તે હવે જો: આ બધું એક તરફ મૂક. પથ્થર સરખા ગોઠવ. પણે કમળપત્ર ગોઠવી દે, પેલી જગ્યાએ દર્ભાસન નાખી દે.'

ભોળો જુવાન તે પ્રમાણે કરવા ગયો.

સુમેરુ ટોળા તરફ ફર્યો : 'તમને યાદ રહી જાય માટે બોલો સો પાત્ર જવના બરાબર ત્રણ સુવર્ણના કટકા'

આખું ટોળું એક સાદે બોલી ઊઠયું : 'સો પાત્ર જવનાં બરાબર સુવર્ણના ત્રણ કટકા!'

'દોઢસો દૂધના ઘડા બરાબર દસ રજતના કટકા!' અને એવા ઘોંઘાટથી હિમાલયનાં વન ગાજવા લાગ્યાં.

'પાંચસો ગાયનો એક ઇન્દ્રનીલમણિ.' એના પડઘાથી પહાડ પણ છવાયા.

'દસ ઇન્દ્રનીલમણિની એક સ્ત્રી.' એ વખતે સુકેશી ને આરણ્યક ત્યાંથી પસાર થતાં જરાં

થોભ્યાં. ટોળાએ સુમેરુને પ્રત્યુત્તર વાળ્યો : 'દસ ઇન્દ્રનીલમણિની એક સ્ત્રી.'

અત્યંત ખિન્ન હૃદયથી એ યુગલ ત્યાંથી ચાલ્યું ગયું.

સુમેરુને આખી રાત્રિ નિદ્રા આવી નહિ. તેની પાસે અખૂટ સમૃદ્ધિ હતી, એક દાસ પણ હતો અને બીજા અનેક થવાની તૈયારીમાં હતા; છતાં તે આજે સુખે સૂતો નહિ. નીલોત્પલ જેવાં સુકેશીનાં નયન તેને વારંવાર યાદ આવતાં હતાં.

તે પોતાના અતિમૂલ્યવાન પથરાઓ લઈને સવારે આરણ્યકને ત્યાં ગયો.

પ્રભાતનો સૂર્ય કમળપત્ર પર પડેલા જળબિંદુનો સોનાનો મુગટ રચી રહ્યો હતો. ખૂલતા ફૂલગુલાબી રંગના કમળો જરાંક પોપચા ઉઘાડીને પ્રભાતને નીરખતાં હતાં ને સુકેશી ત્યાં જળપાત્ર લઈને ઊભી હતી, છેટેના મેદાનમાં સારસ ફરતાં હતાં.

પોતાના મહામૂલ્યવાન પથરાઓ સુમેરુએ સુકેશીને ચરણે ધર્યા. સરોવરથી પાણી ભરીને પાછી ફરતી સુકેશી ઘડીભર ત્યાં થંભી. વન એને જોવા થંભ્યાં હતાં, ને સુમેરુ અત્યંત તૃષ્ણાથી એને નિહાળી રહ્યો.

'સુંદરી!' તે બોલ્યો. તેના શબ્દમાં વિહ્વળતા હતી અને નસેનસમાં ઘેન હતું : 'સુંદરી! હું તારી પાછળ આવ્યો છું. ઇન્દ્રનીલમણિ કરતાં પણ વધારે મૂલ્યવાન અસંખ્ય પથરાઓ હું તારા માટે લાવ્યો છું. હું તને એમનો હાર કરી આપીશ.'

'સુમેરુ!' સુકેશીએ જવાબ વાળ્યો, 'પ્રેમને તે કદી જોયો છે?'

અવાક બનીને તે ઊભો રહ્યો. સુકેશીના પ્રવાલ જેવા હોઠ પર સ્મિત ફરક્યું. તેણે ફરી પૂછ્યું : 'પ્રેમને તે જોયો છે?'

'ના.'

'ત્યારે જો આનું નામ પ્રેમ: જેને તું સંખ્યાથી કે માપથી માપી શકે નહિ, સત્તા અને વૈભવથી ખરીદી શકે નહિ; જે અપ્રમેય છે ને અજેય છે.'

પોતે પેલા ભોળા માણસને સમજાવ્યું કે જો આનું નામ સત્તા, એનો જ પ્રતિધ્વનિ સાંભળતો હોય તેમ સુમેરુના કાનમાં શબ્દો ગુંજી રહ્યા : 'જો આનું નામ પ્રેમ.'

'અને જો એ ક્યાંથી જન્મે છે તે,' સુકેશીએ સામેના દ્રશ્ય તરફ આંગળી કરી. સુમેરુ એ તરફ જોઈ રહ્યો.

ખીલતા કમળના રંગથી પાણી છવાયું હતું, મેદાનોમાં મયૂરની કળા હતી; સારસ બેલડી ધીમી હલકતી ચાલે ફરી રહી હતી; વૃક્ષો, પશુઓ ને વેલીઓ બધાંના ઉપર સૌમ્ય તેજ ફેલાઈ રહ્યું હતું.

'જો આ પ્રેમની સૃષ્ટિ!' એટલું બોલતી સુકેશી ત્યાંથી ચાલી ગઈ.

સંધ્યાના સૂર્યે રંગો પૂર્યા હતા; આરણ્યક ને સુકેશી નીલાં હરિયાળાં મેદાનો વટાવી દૂર દૂરના ડુંગરાઓ પર નજર રાખી ચાલ્યા જતાં હતાં એમનું આ ગામમાંથી છેલ્લું પ્રયાણ હતું.

સુમેરુએ સુકેશીની આશા છોડી હતી, પણ વિષય જાય ને વિષયનો રસ રહી જાય તેમ તેની તૃષ્ણા ગઈ હતી ને તૃષ્ણાના કાંટા રહ્યા હતા, સુકેશી અને આરણ્યકને જતાં જોઈ તેમની પાસે આવ્યો.

'તમે ક્યાં જાઓ છો?' તેણે પૂછ્યું

'જ્યાં પ્રેમની સૃષ્ટિ છે ત્યાં. જો પેલાં દૂર દૂર સોનેરી રસ રસેલાં હિમાદ્રિનાં શિખરોની પેલી મેર.' 'અને અહીં?' 'અને અહીં શું? અહીં હવે પૃથ્વી રસ નહિ મૂકે, મનુષ્યો નિર્ભય નહિ રહે, કુદરત કળા નહિ ખીલવે.'

ધ્રૂજતાં ધ્રૂજતાં સુમેરુએ પૂછ્યું : 'એમ કેમ?'

'જ્યાં કામ મપાય ત્યાંથી કલા જાય, વસ્તુ મપાય ત્યાંથી વૈભવ જાય, મનુષ્ય મપાય ત્યાંથી સ્વર્ગ જાય. તેં પૈસા ઉત્પન્ન કર્યા, હવે મનુષ્યોમાંથી પ્રેમ જશે - સાચા પ્રેમને મનુષ્યો ખરીદીની વસ્તુ માનશે. હવે આ જમીનમાં એવું વાતાવરણ આવશે કે મનુષ્યો પ્રેમને નહિ પણ વૈભવને, વિલાસને, મોટાઈને, સામાજિક મહત્તાને પ્રધાનપદ આપશે.

હવે કોઈ પ્રેમ ખાતર નહિ પરણે. આ જમીનમાંથી પ્રેમની ઋતુ જશે. અષાઢી મેઘ પ્રેમ નહિ પ્રગટાવેં; વિરહ અને વિરહનાં આંસુ નહિ હોય; સાચું શૌર્ય નહિ હોય. કામિની અને પિયુ નહિ હોય; ઋતુ નહિ હોય, ઋતુનો રસ નહિ હોય; ઉત્સવ, ઉલ્લાસ, શૃંગાર, તેજ કાંઈ નહિ હોય, જીવન નીરસ બનશે; કામના રસને બદલે ગાંડપણ ગણાશે; પ્રેમ સગવડતા લેખાશે, પ્રજા બોજો મનાશે; વિલાસ શૃંગાર મનાશે; છાની વિકારવૃત્તિ ચતુરાઈમાં ખપશે; અને પ્રેમની સૃષ્ટિ પર જ જગતનું પુનર્વિધાન છે એમ છેક મૂળમાંથી રૂપાંતર કરવાને બદલે માણસો ચારે તરફ થીગડાં મારવાનું શરૂ કરશે.'

સુમેરુને ચક્કર આવવા માંડયાં.

'આ ક્યારે બનશે? ત્યારે મનુષ્યો કેવાં હશે?'

'સુમેરુ! તેં જે શરૂ કર્યું છે તે હવે બન્યા જ કરશે. જ્યારે એ સ્થિતિ પરિપક્વ થશે ત્યારે મનુષ્યો સર્પ જેવા હશે. બોલ્યા વિના બીજાને હણશે અને હણ્યા વિના શાંતિ નહિ પામે.'

સોનેરી રંગથી ઢંકાતાં હિમાદ્રિનાં અનેક શિખરો પર ગુલાબી રંગની કલગી ફૂટતી હતી.

આરણ્યક ને સુકેશી તે તરફ, દૂર- દૂર ચાલ્યાં ગયાં. આછા અંધકારનો પછેડો પૃથ્વીને વીંટવા લાગ્યો. સુમેરુ ધબ દઈને નીચે બેસી ગયો. તેણે પોતાનું મોં બે હાથથી છુપાવી દીધું.

'ઓ મહાન પિતા!' તેનાથી છેવટે આર્તસ્વરે બોલાઈ જવાયું : 'સ્વર્ગ જેવી આ પૃથ્વી આટલી બધી જડ બની જશે, અને તે માત્ર મારા દોષથી? તો હવે આ નવા વિચારો શી રીતે નાશ પામે?'

એને ચારે તરફના અંધારાં બોલતાં હોય તેમ લાગ્યું : 'ફેલાયેલા ખોટા વિચારોના ડાઘ પૃથ્વી પરથી નાબૂદ કરવા માટે સ્વાર્પણના ઊના ઊના લોહીનું ખમીર જોઈએ.'



અર્પણ ક્રિસ્ટી

## ગઝલ

લે બીજો પણ ગાલ, ચોડી દે ગમે તો,
એ રીતે પણ જીંદગી થોડી શમે તો.

છું પ્રયાસોમાં હજુ કે થઉં ઠરીઠામ,
હું ય જીવી લઉં જરા શ્વાસો થમે તો!

ભક્ત માણસનાં બન્યા ઈશ્વરને નામે,
લાગતા'તા આમ બહુ ડાહ્યા તમે તો!

માટલું ઝમતાં થતું ઠંડું ભીતર જળ,
થાય શું અંદર સતત આંખો ઝમે તો?

એટલે દરિયો મને પોતીકો લાગે.
ડૂબવું હો તો ય જઈએ ક્યાં અમે તો!



'ખલીલ' ધનતેજવી

## ગઝલ

સ્થિર જળ સાથે અટકચાળા ન કર
કાંકરા નાખીને કૂંડાળા ન કર

લોક દિવાળી ભલેને ઊજવે
પેટ બાળીને તું અજવાળા ન કર

આજથી ગણ આવનારી કાલને
પાછલાં વરસોના સરવાળા ન કર

ક્યાંક પથ્થર ફેંકવાનું મન થશે
ઈંટને તોડીને ઢેખાળા ન કર

થઈ શકે તો રૂબરૂ આવીને મળ
ઊંઘમાં આવીને ગોટાળા ન કર



કિરણ જોગીદાસ

## ગઝલ

શું ભરોસો રાખવો અંજળ ઉપર?
ના ચણાતા ઘર કદી કાગળ ઉપર

હોય હિંમત તો કરી જો એમ પણ
નામ તારુ તુ લખી જો જળ ઉપર

કાલ જેવી આજ પણ  સરકી જશે
છે બધો આધાર આ એક પળ ઉપર

કર્મ કરવા એ જ છે બસ હાથમાં
તો નજર શું રાખવાની ફળ ઉપર

શું થશે  એની પળોજણ મૂક તું
જીવવાનુ છોડ તુ અટકળ ઉપર



વર્ધન શાહ

# પ્રાઇવેટ સબમરીન અને સમુદ્ર-સૃષ્ટિ

તમને ખબર જ છે કે સબમરીન એ પાણીની સપાટી પર તેમ જ ઊંડા પાણીના તળિયે જઈને પણ રસ્તો કાપી શકે તેવું વાહન છે. આ વાહન જહાજના આકારની જ મોટી હવાચુસ્ત પેટી જેવું હોય છે. દરિયાના તળભાગમાં પાણીનું દબાણ અત્યંત વધી જતું હોઈ સબમરીનની સપાટી મજબૂત ધાતુની બનાવવામાં આવે છે. આ વાહન પેટ્રોલ, ડીઝલ જેવાં બળતણથી અથવા અણુશક્તિથી ચલાવવામાં આવે છે.

સબમરીનની શોધમાં ઘણા વૈજ્ઞાનિકોનો હિસ્સો છે. ઈ. સ. ૧૬૨૦ના વર્ષમાં 'કૉર્નેલીસ ડ્રેબલ' નામના વિજ્ઞાનીએ લાકડાની ઈંડા આકારની પ્રથમ સબમરીન બનાવી હતી. છેલ્લે હાલમાં વપરાય છે તેવી જેટ ઍંજિનવાળી સબમરીનની ડીઝાઈન 'જહોન ફિલિપ હોલેન્ડ' નામના સંશોધકે કરી હતી.

સબમરીનના ઉપયોગે વિશ્વના રાજકીય નકશાને બદલવામાં મોટી ભૂમિકા ભજવી છે. સેનામાં સબમરીનનો સૌથી વધુ ઉપયોગ કરવામાં આવ્યો છે અને તે કોઈપણ દેશની નૌકાદળનું લાક્ષણિક હથિયાર બની ગયું છે. જોકે સબમરીન અગાઉ બનાવવામાં આવી હતી, તે ઓગણીસમી સદીમાં લોકપ્રિય બની હતી અને પ્રથમ વિશ્વયુદ્ધમાં તેનો વ્યાપક ઉપયોગ થયો હતો.

વિશ્વની પ્રથમ સબમરીન ૧૬૨૦માં બનાવવામાં આવી હતી અને પ્રથમ લશ્કરી સબમરીન 'ટર્ટલ' ૧૭૭૫માં બનાવવામાં આવી હતી. તે પાણીની અંદર હોય ત્યારે તમામ લશ્કરી કામ કરવા સક્ષમ હતી અને તેથી તેનો ઉપયોગ તેની રચનાના માત્ર ૧ વર્ષ પછી અમેરિકન ક્રાંતિમાં થયો હતો. વર્ષ ૧૬૨૦થી અત્યાર સુધી, સબમરીનની ટેકનોલોજી અને બાંધકામમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. ૧૯૫૦માં, પરમાણુ સંચાલિત સબમરીનોએ ડીઝલ સંચાલિત સબમરીનનું સ્થાન લીધું. આ પછી, દરિયાના પાણીમાંથી ઓક્સિજન લેતી સબમરીન પણ બનાવવામાં આવી હતી. આ બે મહત્વની શોધે સબમરીન નિર્માણ ક્ષેત્રમાં ક્રાંતિ લાવી. આધુનિક

સબમરીન કેટલાક અઠવાડિયા કે મહિનાઓ સુધી પાણીની અંદર રહી શકે છે.

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન પણ, સબમરીનનો ઉપયોગ એક સ્થળેથી બીજી જગ્યાએ માલ પરિવહન માટે કરવામાં આવતો હતો. આજકાલ તેઓ પર્યટન માટે પણ ઉપયોગમાં લેવાઈ રહ્યા છે. સબમરીનનો ઉપયોગ કાલ્પનિક સાહિત્ય, વિશ્વ અને કાલ્પનિક ફિલ્મો માટે કાચા માલ તરીકે થાય છે. ઘણા લેખકોએ સબમરીન પર પુસ્તકો પણ લખ્યા છે. તેમના પર ઘણી નવલકથાઓ પણ લખાઈ છે. સબમરીનની દુનિયા ઘણી સિરિયલોમાં નાના પડદા પર બતાવવામાં આવી છે. સમુદ્ર જગતની પૌરાણિક કથાઓને સમજાવવા માટે સબમરીન 'ઓક્ટોપસ ૧', 'ઓક્ટોપસ ૨', 'ધ કોર' જેવી કેટલીક હોલીવુડ ફિલ્મોમાં પણ દર્શાવવામાં આવી છે.

સબમરીનની અંદર આજીવિકાની સુવિધાઓ કૃત્રિમ રીતે ગોઠવવામાં આવે છે. આધુનિક સબમરીન દરિયાના પાણીના વિઘટનની પ્રક્રિયામાંથી તેમના ક્રૂ-મેમ્બર્સ માટે ઓક્સિજન મેળવે છે. સબમરીનમાં કાર્બન ડાયોક્સાઈડને શોષી લેવાની વ્યવસ્થા પણ છે જેથી સબમરીનની અંદર કાર્બન ડાયોક્સાઈડ ન ભરાય.

સબમરીનમાં ઓક્સિજનની પૂરતી ઉપલબ્ધતા માટે ઓક્સિજન ટાંકી પણ હોય છે. આગ લાગવાના કિસ્સામાં, બચાવ માટે પણ વ્યવસ્થા કરવામાં આવે છે. જે ભાગ આગમાં છે તે ખાસ કરીને બનાવેલા પડદાની મદદથી બાકીની સબમરીનથી અલગ પડે છે જેથી બાકીની સબમરીનમાં ઝેરી વાયુઓ ન ફેલાય (આ કોન્સેપ્ટ તમે 'ગાઝી અટેક' ફિલ્મમાં જોયો હશે).

વિશ્વની તમામ મોટી નૌકાદળોની જેમ ભારતીય નૌકાદળે પણ તેના કાફલામાં સબમરીનનો સમાવેશ કર્યો છે. ભારતીય નૌકાદળ પાસે હાલમાં તેના કાફલામાં ૧૬ ડીઝલ સંચાલિત સબમરીન છે. આ તમામ સબમરીન મુખ્યત્વે રશિયા અથવા જર્મનીમાં બનાવવામાં આવી છે. વર્ષ ૨૦૧૦-૧૧ માં આ કાફલામાં વધુ ૬ સબમરીન સામેલ કરવામાં આવી હતી. ભારતીય નૌકાદળ જહાજ (INS) અરિહંત ભારતની પ્રથમ પરમાણુ સંચાલિત સબમરીન છે. ૬000 ટનનું આ જહાજ એડવાન્સ ટેકનોલોજી વેસલ (ATV) પ્રોજેક્ટ હેઠળ 3 અબજ ડોલરના ખર્ચે વિશાખાપટ્ટનમમાં બનાવવામાં આવ્યું છે. આ બનાવ્યા પછી, ભારત આવી સબમરીન ધરાવતો છઠ્ઠો દેશ બન્યો.

આ તો થયી કૉમર્શિઅલ સબમરીનની વાત, હવે આપણે પ્રાઇવેટ સબમરીન વિષે જાણીએ.

માની લો કે તમારી પાસે પોતાનુ પ્રાઇવેટ 'યોર્ટ' છે અને તમે સમુદ્ર સૃષ્ટિ જોવાના શોખીન છો.-આ માટે ‘ટ્રાઈટન’ કંપની એ ૨ સીટવાળું પ્રાઇવેટ સબમરીન બનાવ્યું છે. 'ટ્રાઈટન' એ ફ્લોરિડા સ્થિત કંપની છે, જે ઉંડા સમુદ્રમાં સંશોધન, ફિલ્માંકન, વૈભવી યાર્ટીંગ અને પ્રવાસન ક્ષેત્ર માટે ખાનગી સબમર્સિબલ્સની ડિઝાઇન અને ઉત્પાદન કરે છે.

૨૦૧૭માં, ટ્રાઈટને પ્રોજેક્ટ નેપ્ચ્યુન નામથી, એસ્ટન માર્ટિનના સહયોગથી, અલ્ટ્રા-લક્ઝરી સબમર્સિબલની જાહેરાત કરી. ટ્રાઈટને ૧૬૫૦/૩ (ટ્રાઈટનની સૌથી નાની પ્રાઇવેટ સબમરીન) સબમર્સિબલને તેના પ્રમાણિત પ્લેટફોર્મ તરીકે ઉપયોગ કરીને, અને ‘એસ્ટન માર્ટિન વાલ્કીરી હાઇપર-કાર’ સાથે ડિઝાઇન લેંગ્વેજ શેર કરીને, પ્રોજેક્ટ નેપ્ચ્યુન સબમર્સિબલમાં વિશિષ્ટ આંતરિક, સુધારેલ હાઇડ્રોડાયનેમિક્સ અને વધારાની શક્તિ અને ગતિશીલતા માટે વધારે શક્તિશાળી થ્રસ્ટર્સ ફિટ કર્યા છે. તેની તાજેતરની સબમરીનનું નામ ૬૬૦/૨ (એસ-પી ૨) છે.

આ સબમરીન દરિયામાં ૬૬૦ ફૂટ ઉંડે જઈ શકે છે. તેમાં ૨ વ્યક્તિઓ બેસી શકે છે. ઊંડા સમુદ્રમાં તે ૪-૬ કિમી પ્રતિ કલાકની ઝડપે તરી શકે છે.

આ સબમરીન વિશ્વની સૌથી હલકી સબમરીન છે, તેનું વજન લગભગ ૨૬૦૦ કિલોગ્રામ છે.

તેનું એન્જિન ડીઝલ અને વીજળી પર પણ કામ કરી શકે છે. આ હેતુ માટે, તેમાં ૨૦ કિલો વોટની અવરની બેટરી લગાવવામાં આવી છે. ડીઝલ અને બેટરી પાવર પર તે ૫૦ કિમી સુધી તરી શકે છે, અને ઉંડા સમુદ્રમાં ૮ કલાક સુધી રહી શકે છે.

લાઇફ સપોર્ટ માટે, તેમાં ૨ ઓક્સિજન સિલિન્ડર, રેડિયો અને ઇમરજન્સી સ્વીચ છે, જે કટોકટીની પરિસ્થિતિમાં મુસાફરોને સબમરીનની બહાર ફેંકી દે છે.

જ્યારે તમે આ અજાયબીમાં મુસાફરી કરો ત્યારે તમે તમારી સાથે ડાઇવર્સ કીટ રાખી શકો છો.





કેબિન સુવિધાઓ:

તેની કેબિન એટલી વિશાળ જગ્યા છે કે તમે તમારા પાર્ટનર સાથે ડિનર અથવા ડ્રિંક પાર્ટી કરી શકો છો. ડિનર, કારણ કે તેમાં રાત્રે ચાલવા માટે શક્તિશાળી એલ.ઇ.ડી લેમ્પ છે.

કેબિનમાં, તમારી પાસે આગળ અને પાછળના દરિયાઇ જીવનને જોવા માટે મોટી એલઇડી ટચસ્ક્રીન હશે.

આ સબમરીનને ચલાવવા માટે જોયસ્ટિક, દરિયાની સપાટી ઉપર અથવા નીચે જવા માટે બટનો, સીટ સેટિંગ બટનો, તાપમાન નિયંત્રણ, ઓક્સિજન નિયંત્રણ અને દબાણ નિયંત્રણ બટનો હશે.

સમુદ્રના ફોટા અને તમારા પોતાના ફોટા પાડવા માટે એચ.ડી. ૩૬૦ ડિગ્રી કેમેરા પણ હશે.

સલામતી:

ટ્રાઈટન ૧૯૯૯થી સબમરીન બનાવે છે અને તેણે ઘણી મોટી કંપનીઓ સાથે કામ કર્યું છે.

યુનાઇટેડ સ્ટેટના એક સર્વે અનુસાર ટ્રાઈટનની સેફટી એ પહેલા નંબરની સેફટી છે, આ કારણથી યુએસ આર્મીએ ટ્રાઈટનને ઘણા કોન્ટ્રાક્ટ આપ્યા છે.

રાઈટન તેના હર એક કસ્ટમરને સબમરીન ચલાવવા અને તરવા માટેની તાલીમ આપે છે.

તે ઉપરાંત તેના દરેક સબમરીનનું સમયાંતરે મોટા તળાવ, નદીઓ કે દરિયાકિનારે ટેસ્ટિંગ થાય છે.

તેની કેબિનમાં સલામતી માટે દરેક સુવિધાઓ હાજર છે જેની આપણે ઉપર વાત કરી.

સબમરીનના ભાવ:

ટ્રાઈટનની સબમરીનના ભાવ ૫,૦૦,૦૦૦ યુએસ ડોલર થી લઈને ૩૦,૦૦,૦૦૦ યુએસ ડોલર સુધી હોય છે. તમે તેને ભાડે પણ લઇ શકો છો.

પંખ e-magazine
સ્વકેન્દ્રીથી સમકેન્દ્રી વિશ્વ તરફની ઉડાન

# લેખ/વાર્તા/માઈક્રોફિક્શન/કવિતા મોકલવા માટે

(૧) માત્ર શ્રુતિ ગુજરાતી ફોન્ટમાં 'Word File Format'માં ટાઈપ કરી ભાષા અને જોડણીની ભૂલો ચકાસી રચના મોકલવી. ભાષાશુદ્ધિ અને જોડણીમાં જો વધુ ભૂલો હશે તો કૃતિ સ્વીકારવામાં આવશે નહિ, જેની નોંધ લેવી. ગુજરાતી લખાણના બધા નિયમો પળાય એ સૌથી પાયાની જરૂરિયાત છે.

(૨) કોઈ પણ ઓનલાઈન કે ઓફલાઇન પ્લેટફોર્મ પર અપ્રકાશિત હોય, એવી જ કૃતિ મોકલવી. કૃતિ સ્વરચિત અને મૌલિક હોવી જોઈએ.

(૩) કૃતિમાં મોટેભાગે ગુજરાતી જ ટાઈપ કર્યું હોય એ જરૂરી છે. અમુક શબ્દો અંગ્રેજી, હિન્દી અથવા સંસ્કૃત ભાષામાં ટાઈપ કરેલા ચાલશે. પણ એ શક્ય હોય ત્યાં સુધી ઓછા રાખવા. જેથી સમરસતા સચવાઈ રહે.

**(૪) કૃતિ માત્ર મેઇલ દ્વારા જ સ્વીકારવામાં આવે છે. અમારું મેઇલ-એડ્રેસ આ મુજબ છે:** pankhemagazine@gmail.com

(૫) કૃતિ મેઇલ કર્યા પછી જો સિલેક્ટ થશે તો મેઇલ દ્વારા જ જાણ કરવામાં આવશે. અન્ય માધ્યમોમાં એ વિશે પૃચ્છા કરવી નહીં.

(૬) 'પંખ' બિન-વ્યવસાયિક મેગેઝીન હોવાથી અમારા તરફથી કોઈ પણ પ્રકારનો પુરસ્કાર આપવામાં આવતો નથી.

(૭) તમે મોકલેલી કૃતિ-સ્વીકારનો અંતિમ નિર્ણય 'પંખ'ની ટીમનો રહેશે.

(૮) કૃતિનો સ્વીકાર થાય તો તમને મેઈલ મળી જશે. જો એ માટે વિલંબ થાય ને તમે અન્ય માધ્યમોમાં આપો, તો પણ વાંધો નહિ. એ માટે તમારે અમને જાણ કરવી જરૂરી નથી. કારણ કે જ્યારે પણ અમે નક્કી કરીશું કે હવે આ કૃતિ અમારે મુકવી છે, તો એ પહેલા અમે મેઈલ કરીશું જ. આપનો જવાબ નહિ આવે ત્યાં સુધી નહિ મૂકીએ.

(૯) સામાન્યતઃ એવો નિયમ હોય છે કે કૃતિ એક કરતાં વધુ જગ્યાએ મોકલો, તો જ્યાંથી વહેલો જવાબ આવે, એ સિવાયની જગ્યાએ સર્જકે જ સામેથી જાણ કરવાની હોય છે. પણ અમે એ કામ સર્જક માટે આસાન બનાવ્યું છે. અમે પૂછીએ અને જો તમારી કૃતિ બીજે ના સ્વીકારાયી હોય તો અમે પછી સ્વીકારીએ છીએ.

# પંખ e-magazine

સ્વકેન્દ્રીથી સમકેન્દ્રી વિશ્વ તરફની ઉડાન




**આપને 'પંખ'નો આ અંક કેવો લાગ્યો ?**

**આપના પ્રતિભાવો WhatsApp દ્વારા આપવા માટે અહીં ક્લિક કરો.**

## https://wa.me/916355953355

પંખ e-magazine

WhatsApp contact

# ટીમ 'પંખ'

યાજ્ઞિક વઘાસિયા

કેયુર દુધાત

અનંત ગોહિલ

વિરલ જોશી

હોઝેફા અગવાન

---

# ડિઝાઇનિંગ

ધ્રુવિલ ચોડવડીયા

મિહિર ગેડીયા

# આ અંકમાં સહભાગી કલમો

ગૌરીશંકર જોશી 'ધૂમકેતુ'
ખલીલ ધનતેજવી
રાજુલ ભાનુશાલી
હીરલ વ્યાસ
તેજલ શાહ
ડૉ. રંજન જોષી
બંસરી જોષી

અર્ચિતા દીપક પંડ્યા
વર્ધન શાહ
કશ્યપ જોષી
અર્પણ ક્રિસ્ટી
ઉમા પરમાર
કિરણ જોગીદાસ

---

# ફોટોગ્રાફી

**કુલદીપ પરમાર (ફ્રન્ટ કવર)**

https://instagram.com/kp.kuldeep10?utm_medium=copy_link

**અમીત સોલંકી (બેક કવર)**

https://instagram.com/vasco_di_gama_?utm_medium=copy_link

